**આજનો સુવિચાર**

ભૂખ લાગે ત્યારે
ખાવું તે પ્રકૃતિ,
પારકાનું પડાવીને
ખાવું તે વિકૃતિ,
અને ભૂખ્યા રહીને બીજાને
ખવડાવવું તે સંસ્કૃતિ

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૧૧૬ જૂનાગઢ તા.૨૩-૦૪-૨૦૨૫ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 116, Junagadh : Date : 23 April, 2025, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# આતંકવાદી હુમલાના દોષીતોને છોડવામાં નહીં આવે : અમીત શાહ







## ગૃહમંત્રી અમીત શાહે આતંકવાદી હુમલો થયો તે સ્થળ-ગ્રાઉન્ડ ઝીરોની મુલાકાત લીધા બાદ કહ્યું - ભારત આતંકીઓ સામે નહીં ઝુકે : મૃતકોને શ્રધ્ધાંજલી આપી

(એજન્સી) શ્રીનગર તા.૨૩

ગઈકાલે પહેલગામ સ્થિત મીની સ્વિટ્ઝર્લેન્ડ ગણાતી બૈસરન વેલી ખાતે થયેલા આતંકવાદી હુમલામાં ૨૮ પર્યટકોના મૃત્યુને પગલે ભારત સરકાર સાથે સમગ્ર દેશ હચમચી ઉઠયો છે. અને સરકાર એકશન મોડમાં આવી ગઈ છે. આતંકવાદી હુમલાના પગલે આજે ગૃહમંત્રી અમીત શાહ તત્કાલ શ્રીનગર દોડી ગયા હતા અને તેમણે આજે સવારે પહેલગામમાં જે સ્થળે હુમલો થયો તે સ્થળની મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. ત્યારબાદ શ્રીનગર પરત આવેલા અમીત શાહે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું કે, ભારત આતંકવાદ સામે ઝુકશે નહીં. આ જઘન્ય હત્યાકાંડને અંજામ આપનાર આતંકવાદીઓને છોડવામાં નહીં આવે. અમીત શાહે મૃતકોના પરિવારજનો અને ઈજાગ્રસ્તોની મુલાકાત લીધી હતી અને તેમને સાંત્વના પાઠવી હતી. ત્યારબાદ અમીતશાહે ગઈકાલે હુમલામાં માર્યા ગયેલા મૃતકોને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

કાશ્મીર છોડીને પોતાના ઘરે પાછા ફરવા માટે સેંકડોની સંખ્યામાં પ્રવાસીઓ શ્રીનગર એરપોર્ટ પર ઉમટી પડ્યા છે, કારણ કે રામબનની નજીક રાજમાર્ગ ધોવાઈ જવાના કારણે જમીની રસ્તો હજી પણ બંધ છે. અધિકારીઓએ જણાવ્યું કે આતંકી હુમલાના પીડિતોના પાર્થિવ દેહોને શ્રીનગર એરપોર્ટ પર લાવવામાં આવ્યા છે. પીડિતો અને પ્રવાસીઓને તેમના સંબંધિત રાજ્યોમાં પરત લાવવા માટે અનેક રાજ્ય સરકારોના પ્રતિનિધિઓ શ્રીનગર પહોંચી રહ્યા છે.

## ત્રણ આતંકવાદીઓના સ્કેચ જારી કરાયા : TRF સંગઠને હુમલાની જવાબદારી સ્વીકારી : સૈફુલ્લાહ ખાલીદ માસ્ટરમાઈન્ડ




(એજન્સી) નવી દિલ્હી,તા.૨૩:

આતંકવાદી સંગઠન લશ્કર-એ-તોયબા સાથે જોડાયેલા ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF)એ પહેલગામ હુમલાની જવાબદારી સ્વીકારી છે. ગુપ્ત સૂત્રો અનુસાર, આ હુમલાનો માસ્ટરમાઈન્ડ લશ્કર-એ-તૈયબાનો ડેપ્યુટી ચીફ સૈફુલ્લાહ ખાલીદ છે, જેને હાફિઝ સઈદનો નજીકનો વ્યક્તિ જણાવવામાં આવી રહ્યો છે. દરમ્યાનમાં તપાસ એજન્સીઓએ ગઈકાલે હુમલો કરનાર આતંકવાદીઓના સ્કેચ જારી કર્યા છે. જેમાં આતંકવાદીઓની ઓળખ આતંકી સુલેમાન શાહ, આસિફ ફૌજી અને અબુ તલ્હા તરીકે કરવામાં આવી છે.

## આજે સાંજે વડાપ્રધાનના અધ્યક્ષસ્થાને કેબિનેટની સુરક્ષા સમિતિની તાકિદની બેઠક : આરપારની લડાઈ અંગે નિર્ણય લેવાશે

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૩:

પહેલગામ આતંકવાદી હુમલાના પગલે આતંકવાદીઓ અને તેમના આકા પાકિસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપવા માટે સમગ્ર દેશ માંગણી કરી રહ્યો છે ત્યારે આરપારની કાર્યવાહી કરવામાં આવશે તેવું જાણવા મળેલ છે. સુત્રોના જણાવ્યા મુજબ આજે સાંજે વડાપ્રધાનના અધ્યક્ષસ્થાને આજે સાંજે કેબીનેટ કમિટી ઓન સીકયુરીટી (સીસીએસ)ની બેઠક યોજાશે. જેમાં પાકિસ્તાનને અને આતંકવાદીઓને જવાબ આપવાની રણનીતી ઘડવામાં આવશે. આ બેઠકમાં વડાપ્રધાન મોદી, ગૃહમંત્રી અમીત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, વિદેશ મંત્રી એસ.જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને સૈન્ય ત્રણેય પાંખના વડાઓ ઉપસ્થિત રહેશે તેવું જાણવા મળેલ છે.

## આતંકવાદી હુમલામાં ભાવનગરના પિતા-પુત્ર સહિત ત્રણ ગુજરાતીઓના મૃત્યુ

(બ્યુરો) ભાવનગર, તા.૨૩:

જમ્મૂ-કાશ્મીરના પહલગામ આતંકી હુમલામાં ભાવનગરના પિતા-પુત્રના મોત થયા છે. ભાવનગરના યતીન પરમાર અને સ્મિત પરમારનું મોત થયું છે, હુમલા બાદ પિતા-પુત્ર સંપર્ક વિહોણા થયા હતા ત્યારબાદ બંનેના મૃતદેહ મળી આવ્યા હતા.આ હુમલામાં યતીન પરમારના પત્ની પણ ઈજાગ્રસ્ત થયા છે.

વિનુભાઈ ડાભીને ગોળી વાગી છે. તેઓ પૂ. મોરારીબાપુની કથા સાંભળવા ગયા હતા, જોકે અન્ય વાળંદ પરિવારનું ૨૦ વ્યક્તિઓનું ગ્રુપ સલામત છે. કથા શ્રવણ કરવા આવેલા ભાવિકોને બહાર બહુ ના નીકળતા તેવી પૂ. મોરારીબાપુએ ટકોર પણ કરી હતી.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામના બૈસરંગ વિસ્તારમાં ગઈકાલે મંગળવારે બપોરના સમયે મોટો આતંકવાદી હુમલો થયો હતો. જેમાં અંધાધૂંધ ગોળીબારીમાં ૨૮ પર્યટકોના મોત અને ૧૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમાં ભાવનગર શહેરના નવા ભરતનગર પોલીસ સ્ટેશન પાછળ આવેલી જીએમડીસી કોલોની, મુખ્યમંત્રી આવાસ યોજના, શેત્રુંજી રેસીડેન્સી, પહેલા માળે, ઈ-૧૦૪માં રહેતા વિનુભાઈ ત્રિભુવનભાઈ ડાભી (ઉ.વ.૬૨)ને હાથની કોણીના ભાગેથી ગોળી વાગીને નીકળી જતાં તેમને લોહિયાળ હાલતમાં સારવાર માટે અનંતનાગ ગર્વમેન્ટ મેડીકલ કોલેજમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ અંગે ભાવનગર જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર બંસલનો સંપર્ક સાધતા તેમણે આતંકવાદી હુમલામાં ભાવનગરના પ્રવાસીને ઈજા થતાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હોવાની ઘટનાને સમર્થન આપતા ઉમેર્યું હતું કે, જમ્મુ-કાશ્મીરના વહીવટી તંત્ર, સ્થાનિક પોલીસ વગેરે સાથે સ્થાનિક તંત્ર સતત સંપર્કમાં છે.

## પાકિસ્તાન ફફડયું : બાલાકોટ જેવા હુમલાનો ડર સરહદે સૈનિકો ખડકયા-યુધ્ધ વિમાનો દ્વારા પેટ્રોલિંગ

### પાકિસ્તાને નફ્ફટ નિવેદન આપતા કહ્યું- "આવા કોઈપણ હુમલા સાથે અમારો કોઈ સંબંધ નથી"

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૩:

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં એક મોટો આતંકવાદી હુમલાને પગલે પાકિસ્તાન હવે ભારત દ્વારા બદલો લેવાથી ડરી રહ્યું છે. તેને બાલાકોટ જેવા હુમલાનો ડર છે. ભારત સાથેની સરહદ પર રિકોનિસન્સ વિમાન પેટ્રોલિંગ કરતા જોવા મળી રહ્યા છે. ભારતમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ હાઈ કમિશનર અબ્દુલ બાસિતે મોટું નિવેદન આપ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે પાકિસ્તાન હાલમાં ડરમાં છે; તે વળતા હુમલાથી ડરે છે. તેમના તરફથી માહિતી આપવામાં આવી છે કે જાસૂસી વિમાનો પહેલાથી જ ભારત સાથેની સરહદ પર પેટ્રોલિંગ કરી રહ્યા છે, પાકિસ્તાન વાયુસેનાને એલર્ટ પર રાખવામાં આવી છે. આ એવું જ દ્રશ્ય છે જે પુલવામા હુમલા પછી પણ જોવા મળ્યું હતું. ત્યારબાદ ભારતીય વાયુસેનાએ બાલાકોટમાં હવાઈ હુમલો કર્યો હતો. દરમ્યાનમાં પહેલગામ હુમલા અંગે પાકિસ્તાનનું પહેલું નિવેદન પણ આવી ગયું છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે સ્થાનિક મીડિયા સાથે વાત કરતી વખતે એક વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારત સરકાર લઘુમતીઓને હેરાન કરી રહી છે, જેમાં બૌદ્ધ, મુસ્લિમ, બધાનો સમાવેશ થાય છે. લોકોની હત્યા થઈ રહી છે, અને તેથી તેની વિરુદ્ધ અવાજો ઉઠી રહ્યા છે. આવા કોઈપણ હુમલા સાથે અમારો કોઈ સંબંધ નથી.

## સમગ્ર દેશમાં પ્રચંડ રોષ : આજે જમ્મુ-કાશ્મીર સજ્જડ બંધ

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૩:

ગઈકાલે ધરતી પરના સ્વર્ગને નરકમાં તબદીલ કરી ત્રાસવાદીઓમાં ખેલેલી લોહીની હોળી બાદ સમગ્ર દેશમાં પાકિસ્તાન અને ત્રાસવાદીઓ વિરૂધ્ધ આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકો પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યકત કરી રહ્યા છે અને માનવરૂપી રાક્ષસો વિરૂધ્ધ ફીટકાર વરસાવી રહ્યા છે. અંધાધૂંધ ગોળીબારમાં ૨૮ ટુરિસ્ટોના મોત થયા છે. તો બીજી તરફ માનવ જીંદગી છીનવી લેનારા ત્રાસવાદીઓને ઝડપી લેવા ઠાર કરવા સુરક્ષાદળોનું તલાશી અભિયાન વેગવંતું બન્યું છે. વડાપ્રધાન મોદી એકશન મોડમાં આવી ગયા હોય તેમ ગત મોડી રાત્રે સ્વદેશ પાછા ફરીને એરપોર્ટ ઉપર જ બેઠક યોજી હતી તો બીજી તરફ ગૃહમંત્રી શાહ શ્રીનગરમાં પડાવ નાખીને રણનીતી ઘડી રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલામાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. અત્યાર સુધીમાં ૨૮ લોકોએ જીવ ગુમાવ્યા છે, જેમાં બે વિદેશી નાગરિકોનો પણ સમાવેશ થાય છે. આ હુમલામાં નિર્દોષ પ્રવાસીઓને નિશાન બનાવવાથી સમગ્ર દેશમાં ગુસ્સો અને રોષની લહેર ફેલાઈ ગઈ છે. આ ઘટનાનો વિરોધ કરવા માટે લોકો રસ્તાઓ પર ઉતરી રહ્યા છે અને પાકિસ્તાન હોશ મેં આવો જેવા નારા લગાવીને આતંકવાદીઓ અને તેમના આકાઓની કડક નિંદા કરી રહ્યા છે. દરમ્યાનમાં પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં આજે જમ્મુ-કાશ્મીર રાજય બંધનું એલાન આપવામાં આવ્યું છે અને આજે જમ્મુ-કાશ્મીર સંપૂર્ણ બંધ છે. બંધના એલાનને તમામ રાજયકીય પક્ષો અને નેતાઓએ સમર્થન આપ્યું છે. જમ્મુ ચેમ્બર ઓફ કોમર્સે પણ આ બંધને સમર્થન આપ્યું છે. કાશ્મીરના નેતાઓ મહેબુબા મુફતી, ઓમર અબ્દુલ્લા સહિત તમામે બંધનું સમર્થન કર્યું છે.

## ઉરીમાં સૈન્યએ બે આતંકવાદીઓને ઠાર માર્યા

(એજન્સી) શ્રીનગર,તા.૨૩

આજે ઉતરી કાશ્મીરના ઉરી સેકટરમાં આતંકી ઘૂસણખોરી કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. સેનાના જવાનોએ તેને નિષ્ફળ બનાવી દીધો હતો. સેનાના જવાનો સાથે અથડામણમાં બે આતંકી ઘૂસણખોરો ઠાર થયા છે. સૈન્ય દ્વારા હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

## ટ્રમ્પે વડાપ્રધાન મોદીને ફોન કરીને કહ્યું - "અમે ભારતની સાથે છીએ"

(એજન્સી) વોશિંગ્ટન તા.૨૩:

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે વાત કરી અને જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા બર્બર આતંકવાદી હુમલાના પીડિતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. હુમલાની નિંદા કરતા, ડોનાલ્ડ ટ્રમ્પે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી હતી. આ અંગે અપડેટ આપતાં, ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે ટ્વિટર પર લખ્યું, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન મોદીને ફોન કર્યો અને જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલામાં નિર્દોષ લોકોના મોત પર ઊંડી સંવેદના વ્યક્ત કરી અને આ જઘન્ય હુમલાના ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં ભારતને સંપૂર્ણ સમર્થન આપ્યું. આતંકવાદ સામેની લડાઈમાં ભારત અને અમેરિકા સાથે ઉભા છે.


**જૂનાગઢમાં વેચવાનું છે**

ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૬૦૦ વારનું મોટું મકાન ૮ રૂમ વાળુ તથા ૧૦ દુકાન ભાડે અથવા વેચાણથી વ્યાજબી ભાવમાં આપવાનું છે.

પોસ્ટ ઓફીસ રોડ પર જસાણી સાહેબનાં દવાખાનાનું બિલ્ડીંગ ૪ માળનું વ્યાજબી ભાવમાં વેચવાનું છે.

ડિપ ફ્રીજ મોટા હાલ બંધ હાલતમાં વેચવાનાં છે. ૫૫૦ લીટરનાં વેચવાના છે.

મીરાનગરમાં ૯૨ વારનો તથા ૨૦૦ વારનાં લકઝરીયસ બે બંગલા વેચવાના છે

જૂનાગઢમાં મીલ્કત લેવા તથા વેચવા માટે સંપર્ક કરો.

**૮૧૫૬૦ ૧૯૯૯૯**



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

કોઈપણ જાતનાં સંક્રમણને રોકવા રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો....
દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



વિપુલભાઈ મો. ૯૯૭૮૬ ૧૪૫૪૪
નરેશભાઈ મો. ૯૯૦૪૬ ૯૭૧૮૮



વ્યાજબી ભાવે ટાઈલ્સ અને સેનેટરી વેર્સ મળશે.



**દ્વારકાધિશ ટાઈલ્સ & સેનેટરી**

મામાદેવ મંદિર સામે, કૈલાસધામ સોસાયટી, મધુરમ, વંથલી રોડ, જૂનાગઢ - ૩૬૨ ૦૧૫.



**આ ગરમીમાં A.C. વગર ચાલશે ?**

PM સુર્ય ઘર મફત વિજળી સોલાર રૂફટોપ લગાવો
(રેસીડિન્સીયલ-કોમર્શીયલ-કોમન)




TATA
TATA POWER SOLAR
adani Solar
WAAREE

૧૦ દિવસમાં સંપૂર્ણ ફિટિંગની ૧૦૦% ગેરંટી

સોલાર રૂફટોપ લગાવનારને Elista 3 Star 1.5 T A.C.ની M.R.P. પર ૪૦% સુધીની છૂટ *

KVP સોલાર એન્ડ સોલ્યુશન
પહેલો માળ, ઓમ પેલેસ, વાડલા ફાટક, નોવેલ્ટી ફર્નીચર સામે, વંથલી હાઈવે, જુનાગઢ. સંપર્ક : ૯૦૮૧૧૧૩૨૪૨



AYURVEDIC
KAYAM® CHURNA




**કાયમ ચૂર્ણ**
**કાયમ ટેબલેટ**
**કાયમ ગ્રેન્યુલ્સ**

ભાવનગરવાળા શેઠબ્રધર્સના ઉત્પાદન

UIN:GUJARAT/0003/2025



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો





CMYK

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ નાગરિકોની રજૂઆતો-ફરિયાદોનો ઓનલાઈન નિવારણનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ તા.૨૪મી એપ્રિલે

**અરજદારો, રજૂઆતકર્તાઓ સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધીમાં પોતાની રજૂઆતો મુખ્યમંત્રીના જનસંપર્ક એકમમાં આપી શકશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૪મી એપ્રિલે યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરૂવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં એપ્રિલ-૨૦૨૫નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૪મી એપ્રિલે યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૪મી એપ્રિલે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા.૨૪મી એપ્રિલે, સવારે ૮ થી ૧૧ સુધીમાં મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ રાજ્ય સ્વાગત અન્વયે મુખ્યમંત્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં બપોર બાદ ઉપસ્થિત રહીને નાગરિકોની રજૂઆતો સાંભળશે.

# ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા દ્વારકા પ્રાંત અધિકારીને આવેદનપત્ર : ઓખા મંડળની જળ, જમીન, જંગલ, જળ સ્તર અને દરિયામાં પ્રદૂષણ અટકાવવાની માંગ



**સરકાર સામે ભૂંગળા વગાડી, તાળી, થાળી વગાડી અનોખો કાર્યક્રમ યોજાયો ખાનગી કંપની દ્વારા જમીન અને દરિયો પ્રદુષિત કરાતા હોવાની ફરિયાદ**

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ઓખા મંડળ તાલુકામાં ખાનગી કંપનીઓ દ્વારા પ્રદુષણના કારણે જળ, જંગલ, જમીન, ખેડૂતોના ખેતરો, જળ સ્તર અને દરિયાને બંજર થતા અટકાવવા માટે ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા મંગળવારે દ્વારકા ખાતે આશ્ચર્જનક કાર્યક્રમ યોજાયો હતો. દેવભૂમિ દ્વારકા તાલુકામાં આવેલી RSPL (ઘડી) અને ટાટા કેમિકલ મીઠાપુર કંપનીઓના કારણે ઓખા મંડળ તાલુકાને પ્રદૂષણે અજગર ભરડો લીધો હોવાનું જણાવી ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા ગઈકાલે મંગળવારે દ્વારકા ખાતે સ્થાનિક પ્રાંત અધિકારીને સવિસ્તૃત લેખીત આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. આ પત્રમાં કરવામાં આવેલી રજૂઆતમાં જણાવાયા મુજબ આ બન્ને કંપનીઓ સ્થાનિક રોજગારી આપવાના નિયમોનો તો છેદ ઉડાડે છે. સાથે સાથે પ્રદુષણના તમામ નિયમો નેવે મૂકી ખેડૂતોની ખેતીની જમીન અને દરિયામાં પ્રદુષણ યુક્ત ઝેરી કેમિકલ કચરો છોડી દરિયાને પણ પ્રદુષિત કરી રહી છે. પ્રાંત અધિકારીને ૨૦૨૨ થી ખેડૂતો સતત લેખિત ફરિયાદ કરી રહ્યા છે તેમ છતાં હજુ સુધી દ્વારા કોઈ જ ન્યાયિક પગલાં લેવામાં આવ્યા ન હોવાનું જણાવી, હજુ સુધી કોઈ જ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી ન હોવાનું આ પાત્રમાં જણાવાયું છે. ખાનગી કંપનીઓની આ પ્રકારની કામગીરી સંદર્ભે પ્રાંત અધિકારી દ્વારા ગૂગલ મેપમાં સેટેલાઇટની મદદથી દરિયાનો કલર જોવાથી અંદાજ આવી શકે કે દરિયામાં કેટલું પ્રદુષણ ફેલાઈ રહ્યું છે. આ બન્ને કંપનીઓ દ્વારા દરિયા છોડવામાં આવતા કેમિકલ કચરાના કારણે માછીમાર ભાઈઓની ખેતી પડી ભાંગી છે. ખાનગી કંપનીઓ દ્વારા સ્થાનિક રોજગારીના નિયમોનું પાલન કરવામાં આવતું ન હોવાના આક્ષેપો સાથે આ તમામ મુદ્દે અનેક વખત મામલતદાર, પ્રાંત અધિકારી, કલેકટર, એસ.પી. તથા પ્રદુષણ કન્ટ્રોલ બોર્ડને પણ અનેક લોકોએ અનેક વખત રજુઆત કરી હોવા છતાં નિંભર તંત્રને કોઈ જ અસર થતી નથી. આ સાથે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની કામગીરી સામે પણ આક્ષેપો કરી અને ગઈકાલે મંગળવારે આ વિસ્તારના ખેડૂતોએ દ્વારકાને પ્રાંત કચેરી ખાતે એકઠા થઈ અને અહીં થાળી વગાડી પીપૂડાના અવાજ સાથે તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો હતો. ગુજરાત કિસાન કોંગ્રેસ સમિતિના નેતા પાલભાઈ આંબલીયાની આગેવાની હેઠળ અહીં મોટી સંખ્યામાં સ્થાનિકોએ બેનરો સાથે ઉપર ઉપસ્થિત રહી અને તાત્કાલિક તેમના પ્રશ્નોનું નિરાકરણ આવે તેવી માંગ કરી હતી.

# દ્વારકામાં સીએનજી સ્ટેશનના અભાવે ગેસ આધારિત વાહનોને ભારે હાલાકી



**રીક્ષાચાલકો દ્વારા દ્વારકા પ્રાંત કચેરીએ આવેદનપત્ર પાઠવાયું**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૩

યાત્રાધામ દ્વારકામાં સી.એન.જી. પંપ ઉપલબ્ધ ન હોય જેના કારણે સી.એન.જી. રીક્ષા ચાલકો તેમજ અન્ય ગેસ આધારિત વાહનોને ગેસ ફીલીંગ કરવા માટે આશરે ૩૦ કિમી દૂર કુરંગા સુધી ધકકો ખાવો પડતો હોય દ્વારકાના સી.એન.જી. રીક્ષાચાલકો દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી તેમની સમસ્યાનું નિરાકરણ લાવવા રજૂઆત કરાઈ છે. જેઓની રજૂઆતમાં જણાવ્યાનુસાર દ્વારકા આસપાસ સીએનજી પંપના અભાવે ગેસ ભરાવવા માટે દ્વારકાથી આશરે ૩૦ કિમી દૂર કુરંગા ગામ ખાતે આવેલ સીએનજી પંપ ઉપર જવું પડે છે જ્યાં પણ લાંબી કતારો હોય જેના કારણે એકથી દોઢ કલાક સુધી વારો આવતો નથી. જેના કારણે શાળાના બાળકોના આવન-જાવનમાં રોકાયેલી હોય બિનજરૂરી સમયનો વ્યય થતો હોય જેના કારણે બમણો આર્થિક માર લાગતો હોય દ્વારકામાં સીએનજી સ્ટેશન ખોલવા અથવા તો કુરંગા સીએનજી સ્ટેશન ઉપર રીક્ષાચાલકો માટે અલાયદી લાઈનની વ્યવસ્થા કરાવી આપવા રજૂઆત કરવામાં આવી છે.

# પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની તબિયત લથડતા હોસ્પીટલમાં ખસેડાયા

**પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ હોસ્પિટલે જઈ ખબર અંતર પૂછ્યા**



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

માજી આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની તબીયત લથડતા તેમને હાલ સારવાર હેઠળ રાખવામાં આવેલ છે અને તેમના સ્નેહિ-સંબંધી અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ તેમની ખબર અંતર પૂછી રહ્યા છે. દરમ્યાન પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ હોસ્પિટલે સારવાર લઈ રહેલા હેમાબેન આચાર્યની ખબર અંતર પૂછી અને વહેલી તકે સ્વસ્થ થઈ જાય તેવી શુભેચ્છા પાઠવી હતી.

૯૪ વર્ષિય પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની તબિયત લથડતા તેને સારવાર અર્થે જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. છેલ્લા ૭ દિવસથી તેની સારવાર ચાલી રહી છે. દરમ્યાન જૂનાગઢ જિલ્લાના પ્રવાસે આવેલા પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ હોસ્પિટલે જઈને પૂર્વ આરોગ્ય મંત્રી હેમાબેન આચાર્યની ખબર અંતર પૂછી તેઓ જલ્દી સાજા થઈ જાય તેવી શુભ કામના પાઠવી હતી.

# કલ્યાણપુરના ખેડૂતને મજુર મોકલવા બાબતે ઓનલાઈન નાણાં પડાવનાર ઠગની દાહોદથી અટકાયત





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના સણોસરી વિસ્તારમાં રહેતા એક ખેડૂતને ગત ડિસેમ્બર માસમાં એક આસામીએ ફોન કરીને તેમને ખેતીકામ માટે મજૂર મોકલવાનું કહીને રૂપિયા ૨૬,૮૭૦ ની રકમ ઓનલાઈન પડાવી લઈ અને છેતરપિંડી આચર્યાનો બનાવ અહીંના સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં નોંધાવવામાં આવ્યો હતો. આ પ્રકરણના અનુસંધાને સાયબર ક્રાઈમ વિભાગના પી.આઈ. વી.કે. કોઠીયા દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ગુનાના મૂળ સુધી પહોંચીને સમગ્ર નેટવર્કનો પર્દાફાસ કરવામાં આવ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સિસના આધારે દાહોદના લીમખેડા વિસ્તારમાંથી પંચમહાલ જિલ્લાના ચાંદપુર વિસ્તારમાં રહેતા અને વણાટકામ કરતા પુષ્પેન્દ્રકુમાર પ્રકાશભાઈ પટેલ નામના ૨૭ વર્ષના શખ્સને દબોચી લઈ, ગુનાનો ભેદ ઉકેલ્યો હતો. આ પ્રકરણમાં પોલીસ તપાસ દરમિયાન જાહેર થયેલી વિગત મુજબ આઠ ધોરણ સુધી ભણેલો પુષ્પેન્દ્રકુમાર પટેલ છેલ્લા એક વર્ષથી જુદા જુદા ખેડૂતો અને કોન્ટ્રાક્ટરોના મોબાઈલ નંબર મેળવી અને ખેતીકામ તેમજ કડિયા કામ માટે મજૂરો મોકલવાનું કહીને જે-તે આસામીઓને વિશ્વાસ અપાવવા માટે મજૂર તથા બસ કંડકટરની ખોટી ઓળખ આપી, મજૂરોના બસની ટિકિટનો ચાર્જ, જમવાનો ખર્ચ વિગેરે નામે ઓનલાઈન પૈસા ટ્રાન્સફર કરાવી લેતો હતો. ત્યાર બાદ આ સ્થળે મજૂરો નહીં મોકલી અને આયોજનબદ્ધ રીતે છેતરપિંડી આચરતો હતો. આ રીતે ઉપરોક્ત શખ્સએ અનેક લોકો પાસેથી પૈસા પડાવ્યાની કબુલાત પણ પોલીસ સમક્ષ આપી હતી. ઝડપાયેલા આ શખ્સ પાસેથી પોલીસે અલગ અલગ બેંકના નવ એટીએમ કાર્ડ, બે સીમકાર્ડ તેમજ એક મોબાઈલ ફોન કબજે કરી, આગળની તપાસ સાયબર ક્રાઈમ પોલીસ મથકના પી.આઈ. વી.કે. કોઠીયા દ્વારા હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહીમાં પી.એસ.આઈ. ગોહિલ અને કાંબલીયા સાથે ધરણાંતભાઈ બંધીયા, ભરતભાઈ ચાવડા, સહિતનો સ્ટાફ જોડાયો હતો. ત્યારે કોઈપણ વ્યક્તિને અજાણ્યા નંબર પરથી મજૂરો મોકલવા માટેનો ફોન આવે તો આવા વ્યક્તિઓ પર ભરોસો કરવો નહીં અને એડવાન્સમાં કોઈપણ જાતનો નાણાકીય વ્યવહાર ન કરવા તથા સાવચેતી કેળવવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આમ જનતાને અનુરોધ કરવામાં આવ્યો છે.

# આજે વિશ્વ પુસ્તક દિવસ : ખંભાળિયાના સાહિત્ય-વાંચન પ્રેમીઓ માટે બનશે સુવિધાસભર ગ્રંથાલય



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

વિશ્વભરમાં પુસ્તકોના વાંચનને પ્રોત્સાહન આપવા તથા વાંચન પ્રત્યેની જાગૃતિ કેળવવા દર વર્ષ ૨૩ એપ્રિલના રોજ વિશ્વ પુસ્તક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. એમ કહેવાય છે કે સારા પુસ્તકો જેવો કોઈ કાયમી મિત્ર નથી હોતો. આજે વિશ્વ પુસ્તક દિવસ નિમિતે દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાના વાચકો માટે અહીં જિલ્લા મથકે બની રહેલ સરકારી જિલ્લા ગ્રંથાલયનું નવા ભવન ટૂંક સમયમાં કાર્યરત થશે. વિશ્વ સ્તરીય સુવિધાઓથી સજ્જ ખંભાળિયા-પોરબંદર રોડ ઉપર બની રહેલા ગ્રંથાલય ભવન શહેરના લોકોની વાંચન ભૂખ સંતોષી સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને પણ ખુબ ઉપયોગી નીવડશે. ગ્રંથાલય ભવનમાં ૪૦૦ લોકો એકસાથે બેસી વાંચન કરી શકશે. આ ઉપરાંત મહિલા વિભાગ, બાળ વિભાગ, સીનીયર સીટીઝન વિભાગ, સંદર્ભ વિભાગ, ઈ-લાઈબ્રેરી, કોન્ફરન્સ રૂમ, કેન્ટીન જેવી અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સરકારી નોકરી માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી માટે જિલ્લાના વિદ્યાર્થીઓને બહારગામ જઈને ક્લાસિસ ન કરવા પડે તે માટે ગ્રંથાલય ખાતે તમામ પરિક્ષાઓમાં ઉપયોગી વાંચન સાહિત્ય પૂરૂ પાડવા સાથે ઓનલાઈન ક્લાસિસની વ્યવસ્થા પણ કરવામાં આવશે. અહીંના ધારાસભ્ય અને મંત્રી મુળુભાઈ બેરાના પ્રયાસોથી રૂા.૬ કરોડ જેટલી રકમના ખર્ચે અહીં ખુબ વિશાળ જગ્યામાં રમણીય અને શાંત વાતાવરણમાં બની રહેલા ગ્રંથાલય ભવન વાંચન પ્રેમી લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

# કેશોદના બામણાસા ગામે અગાઉના મનદુઃખે હુમલો : ૩ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

કેશોદના બામણાસા ગામે અગાઉ થયેલ બોલાચાલી અને ઝઘડાના મનદુઃખે હુમલો કર્યાની ૩ સામે કેશોદ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદ પોલીસ મથકે ઈન્દ્રેશભાઈ અરજણભાઈ વડીયાતરે ભુપતભાઈ મંગાભાઈ માકડીયા, અજય ભુપતભાઈ માકડીયા અને અનીલ ભુપતભાઈ માકડીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને બે વર્ષ અગાઉ આરોપી અજય સાથે લગ્ન પ્રસંગમાં બોલાચાલી અને ઝઘડો થયેલ જેનુ મનદુઃખ રાખી આરોપીઓએ દાતરડાની બુંધરાટ માથામાં મારી, લોખંડના હથોડા અને લાકડી વડે હુમલો કરી ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાણવડમાંથી ૧૫ વર્ષ પૂર્વે ગુમ થયેલી મહિલાને પોલીસે શોધી કાઢી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૩

ભાણવડ તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાંથી આજથી આશરે પંદરેક વર્ષ પૂર્વે એક યુવતી ગુમ થઈ હોવાની નોંધ સ્થાનિક પોલીસ મથકમાં કરવામાં આવી હતી. યુવતીના પરિવારજનો દ્વારા આ ગુમનોંધ સંદર્ભે જે-તે સમયે આ યુવતીની કોઈ ભાળ મળી ન હતી. આ વચ્ચે તાજેતરમાં ભાણવડ પોલીસ મથકના પી.આઈ. કે.બી. રાજવી તેમજ ઈન્ચાર્જ પી.આઈ. કે.કે. મારૂની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ભાણવડના એ.એસ.આઈ. ચિરાગસિંહ જાડેજાને મળેલી માહિતી મુજબ વર્ષ ૨૦૦૯ માં ગુમ થનારી ઉપરોક્ત યુવતી હાલ પોરબંદર જિલ્લાના એક ગામમાં લગ્ન કરીને પોતાના પતિ સાથે રહેતી હોય, આ મહિલા અંગેની વધુ માહિતી મેળવી અને તેની પાસે જતા ગુમ થનાર ઉપરોક્ત મહિલાએ આજથી આશરે ૧૫ વર્ષ પહેલાં પોતાના ભાઈના ઘરેથી પોતાની મરજીથી કોઈને કહ્યા વગર જતા રહ્યા બાદ હાલ તેણી પોતે પોતાના પતિ સાથે પોતાની મરજીથી લગ્નજીવન પસાર કરે છે અને તેણે પોતાના પતિ સાથે જ રહેવા માગતી હોવાનું વધુમાં જાહેર થયું છે. આ રીતે ભાણવડ પોલીસને આશરે ૧૫ વર્ષ પૂર્વે ગુમ થયેલી મહિલાની ભાળ મેળવવામાં સફળતા મળી હતી.

## જૂનાગઢમાં ધારીયા સાથે શખ્સ ઝડપાયો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢના મેઘમાયાનગર ગેટ નજીકથી ધારીયા સાથે શખ્સ ઝડપાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસે મેઘમાયાનગર ગેટ પાસે જાહેરમાં ધારીયા સાથે મનોજભાઈ બાવજીભાઈ સોલંકીને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

# જૂનાગઢની યુવતિએ મદદ માટે આપેલા દાગીના-રોકડ પરત નહી આપી સાસરીયાઓએ દુઃખ ત્રાસ આપ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૪

જૂનાગઢની યુવતિને ઉપલેટાના સાસરીયાઓએ મારકુટ કરી શારીરીક માનસીક ત્રાસ આપી રૂા.૬૦ હજાર નહી આપી દુઃખત્રાસ આપ્યાની ફરીયાદ મહિલા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મહિલા પોલીસ મથકે હેતલબેન હીરેનપરી ગોસ્વામીએ પતિ હીરેનપરી હેમતપરી ગૌસ્વામી અને સાસુ નિર્મળાબેન હેમતપરી ગૌસ્વામી વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીને તેના પતિ તથા સાસુએ તારે ખર્ચો આપવો પડશે નહીતર તારા મમ્મીને ત્યાં જતી રહે કાંતો ભાડે રહેવા જા એવા મેણાટોણા મારી અવાર નવાર માથાકુટ કરી મારકુટ કરી પતિને રૂા.૩૦ લાખ જેવી નુકશાની થયેલ જેમાં ફરીયાદીના સોનાના દાગીના તથા રોકડ રકમ ૬૦ હજાર જેવી મદદ માટે આપેલા તે પાછા ન આપી દુઃખત્રાસ આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## અવસાન નોંધ



રાજકોટ : ગંગા સ્વરૂપ પુષ્પાબેન ચંદુલાલ તેજુરા(ઉ. વર્ષ ૯૦) બાબરા તાલુકા શિક્ષણ સમિતિના માજી ચેરમેન તથા અમરેલી જિલ્લા પંચાયત માજી સભ્ય તે સ્વ. શ્રી ચંદુલાલ ધરમસિંહ તેજુરા(સ્વાતંત્ર સેનાની બાબરા વાળા)ના ધર્મ પત્ની, સ્વ. અનિલભાઈ, સ્વ. મુકેશભાઈ, સ્વ. જતીનભાઈ, પરાગભાઈ(પ્રમુખ સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ), બીનાબેન કેસરિયા, કુ. કોઝેટબેન, કુ. રીટાબેનના માતૃશ્રી, પ્રથમ તેજુરાના દાદીમા તથા મહેશચંદ્ર કેશવલાલ તન્નાના બહેનનું તા.૨૨-૪-૨૦૨૫, મંગળવાર સાંજે ૬:૩૦ કલાકે દુઃખદ અવસાન થયેલ છે.

# ચેક રીટર્નના કેસમાં આરોપીનો થયેલ નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢની કોર્ટએ ચેક રીટર્નના કેસમાં આરોપીને નિર્દોષ છોડવાનો હુકમ કરેલ છે. આ કેસની વિગત એવી છે કે, જૂનાગઢના રહીશ શારદાબેન લક્ષ્મીદાસ કાચાએ ઘંટીયા ગામના રહેવાસી જયસુખભાઈ મનજીભાઈ કાચા સામે જૂનાગઢની એડી. ચીફ જયુડી. મેજી. કોર્ટમાં નેગોસીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ રૂા.૧૫ લાખની રકમનો ચેક રીટર્ન થયા અંગેની ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હતી. તાજેતરમાં આ કેસની સુનાવણી નામદાર કોર્ટમાં હાથ ધરાતા ફરીયાદી પાસે રૂા.૧૫ લાખ જેટલી રકમ આરોપીને આપવા માટે હાથ ઉપર રોકડમાં હોય તે બાબત ફરીયાદ પક્ષ સાબિત કરી શકેલ ન હોય અને અને આ રકમ કયાંથી આવી તે અંગે કશી ખબર ન હોવાનું જણાવેલ જે મુદા ઉપર બંને પક્ષકારોની દલીલો સાંભળી નામદાર કોર્ટે આરોપી તરફે રજુ કરવામાં આવેલ બચાવની દલીલો ધ્યાને લઈ આરોપી જયસુખભાઈ મનજીભાઈ કાચાને નિર્દોષ છોડી મુકવા હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી તરફે જૂનાગઢના એડવોકેટ કે.ડી. ઓડેદરા રોકાયેલા હતા.

# ગુરૂવારે વરૂથીની એકાદશીનું મહત્વ અને બોધ

ચૈત્ર વદ અગીયારશને ગુરૂવાર તા.૨૪-૪-૨૫ના દિવસે વરૂથિની એકાદશી છે. આ દિવસે સવારે વહેલા ઉઠી નિત્યક્રમ કરી ત્યાર બાદ શ્રીકૃષ્ણ ભગવાનની પૂજા કરવી. ભગવાનને શુધ્ધ જળથી અભિષેક કરી વસ્ત્ર, જનોઈ, ચંદન, ચોખા, અબીલ- ગુલાલ, કંકુ, ધુપ-દિપ અર્પણ કરવા. નૈવેધમાં ખાસ સકકરટેટી ધરાવી આરતી ઉતારી એકાદશીની કથાવાંચવી અને સાંભળવી તથા આ દિવસના નિંદ્રાનો ત્યાગ કરવો. ઉપવાસ અથવા એકટાણું રહેવું, તળેલી વસ્તુ ખાવી નહી તથા ખાસ શાલીગ્રામ ઉપર ૧૧ તુલસીપત્ર ચડાવી અને સાંજે તેને ગ્રહણ કરવા. પારકી નિંદા કરવી નહી. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે અશ્વદાન કરતા ગજદાનશ્રેષ્ઠ ગણાય. ગજદાન કરતા ભૂમિદાન મોટું,ભૂમિદાન કરતા તલનું દાન મોટું ગણાય. તલના દાન કરતા સુવર્ણાન મોટુ ગણાય અને સોના ના દાન કરતા અન્નદાન ઉત્તમ ગણાયછે.આથી આ દિવસે અનાજનું દાન કરવું ઉત્તમ ફળ આપનાર છે.વરૂથિની એકાદશીનાં દિવસે પીપળે પાણી રેડવુ. અને પિતૃ નાં મોક્ષ માટે શ્રીકૃષ્ણ ભગવાન અને વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરવી. **કથાનો બોધ** : કથાની વાર્તા પ્રમાણે ઘણીવાર પાછલાજન્મના અશુભકર્મોને કારણે આ જન્મમાં અચાનક વિના કારણે દુઃખ ભોગવવું પડે છે. પરંતુ શ્રી કૃષ્ણ ભગવાનની ભકિત કરવાથી તથા વરૂથિની એકાદશીનું શ્રધ્ધાથી વ્રત કરવાથી દુઃખનાં દિવસો પણ સરળતાથી પસાર થઈ જાય છે.

**- શાસ્ત્રી રાજદીપ જોશી(વેદાંત રત્ન)**

# જૂનાગઢ જીલ્લામાં ટેકાના ભાવે ચણા પાકની ખરીદીનો શુભારંભ

## ચણા ખરીદીના પ્રથમ દિવસે જીલ્લામાં ૧૮ મંડળીઓ દ્વારા ખેડૂતોને એસએમએસ મોકલી વિવિધ તાલુકામાં ખરીદીની શરૂઆત કરવામાં આવી : પ્રથમ દિવસે ૧૧૭ ખેડુતો પાસેથી ૧૮૭૯ કવીન્ટલ ચણાની ખરીદી કરવામાં આવી

જૂનાગઢ, તા.૨૩

રાજયના ખેડૂતોને આર્થિક રક્ષણ અને તેમના ઉત્પાદનોના પોષણક્ષમ મળી રહે તેવા હેતુથી રવિ વર્ષ ૨૦૨૪-૨૫ માં ચણા પાકનું ટેકાના ભાવથી ખરીદવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે ચણા પાક માટે રૂ.૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧૧૩૦ પ્રતિ મણ) ટેકાનો ભાવ જાહેર કરવામાં આવેલ છે.



ભારત સરકારની પીએમ આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પીએસએસ હેઠળ રાજ્યમાં ચણા પાકની ટેકાના ભાવે ખરીદી કરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાઓમાં એપીએમસી ખાતે તારીખ ૨૧/૪/૨૦૨૫ થી ચણા પાકની ખરીદી શરૂ થયેલ છે. ટેકાના ભાવે ચણા પાક માટે જૂનાગઢ જિલ્લામાં ૩૨૪૭૬ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. ટેકાના ભાવે ચણા ખરીદીના પ્રથમ દિવસે જૂનાગઢ જિલ્લામાં ૧૮ મંડળીઓ દ્વારા ખેડૂતોને એસએમએસ મોકલી વિવિધ તાલુકામાં ખરીદીની શરૂઆત કરવામાં આવેલ અને ૧૧૭ ખેડુતો પાસેથી ૧૮૭૯ કવીન્ટલ ચણાની ખરીદી કરવામાં આવેલ છે. જેમાં માણાવદર તાલુકામાં સૌથી વધુ ૫૭ ખેડૂતો પાસેથી ૯૨૮ ક્વિન્ટલ ચણાની ખરીદી કરવામાં આવેલ છે. તેમજ રવિ સિઝન ૨૦૨૪ માં ખેડૂતો પાસેથી અંદાજિત કુલ ૫૮૪૦૦૦ ક્વિન્ટલ ચણાની ખરીદી કરવામાં આવશે.

ટેકાના ભાવે ચણા વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવેલ જૂનાગઢ જિલ્લાના તમામ ખેડૂતોની સરકારના ટેકાના પાકની ખરીદીનું મહત્તમ લાભ લેવા જૂનાગઢ ખેતીવાડી ખાતા તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

# ડો. સુભાષ યુનિવર્સિટી દ્વારા મેગા જોબ ફેર ૨૦૨૫નું સફળતાપૂર્વક આયોજન

## ૫૫ કંપનીઓએ ૨૦૦૦થી વધારે વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લઈ ૩૮૦ વિદ્યાર્થીઓને શોર્ટલિસ્ટ કર્યા

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢની ખ્યાતનામ ડો.સુભાષ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી નિર્માણ માટે મેગા જોબ ફેર ૨૦૨૫ નું આયોજન ભવ્ય રીતે કરવામાં આવ્યું. આ જોબ ફેરમાં કુલ ૫૫ કંપનીઓ દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, જેમાં ૨૦ થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓનો પણ સમાવેશ થયો હતો. આ જોબ ફેરનું આયોજન યુનિવર્સિટીના પ્લેસમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું, જેના માધ્યમથી વિદ્યાર્થીઓ અને કંપનીઓને સીધો સંવાદ અને પ્લેસમેન્ટ માટેનો મંચ મળ્યો. આ રોજગાર મેળામાં સમગ્ર ગુજરાતમાંથી વિવિધ શાખાઓ જેમ કે એન્જિનિયરિંગ, કમ્પ્યુટર સાયન્સ, કોમર્સ, મેનેજમેન્ટ, આર્ટ્સ, ફાર્મસી, ફિઝિયોથેરાપી અને નર્સિંગના ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ જોબ ફેરમાં તમામ વિદ્યાર્થીઓના નિઃશુલ્ક રજીસ્ટ્રેશન કરાયા હતા. આ જોબ ફેરમાં એકિસસ બેંક, નિરમા, અલ્ટ્રાટેક સિમેન્ટ, એમ.આર.એફ. ટાયર, એમનીલ ફાર્મા, જયોતિ સી.એન.સી., ઈન્ડિયા માર્ટ, ફાલ્કન જેવી પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત કંપનીઓ હાજર રહી હતી, જેમના દ્વારા ઘણા વિદ્યાર્થીઓને નોકરી આપવામાં આવી તેમજ અનેક વિદ્યાર્થીઓ ને આગામી રાઉન્ડ માટે શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા હતા. વિશેષરૂપે સાયબર કોમ ક્રિએશન, ક્રિએટ પીક્સ ઈન્ફોટેક, વેબ્સમેનીઆક, યુલિવા ન્યુટ્રીશન, જે. બી કેમિકલ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ સહિત ૧૦ જાણીતી કંપની દ્વારા



ઓનલાઈન માધ્યમથી ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા હતા. આ કંપનીઓ દ્વારા પસંદગી પ્રક્રિયામાં પ્રથમ લેખિત પરીક્ષા લેવામાં આવી હતી અને ત્યારબાદ ઈન્ટરવ્યૂનું આયોજન થયું હતું. યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા અને પ્રોવોસ્ટ ડો.દીપક પટેલે આ જોબ ફેરના સફળ આયોજન બદલ પ્લેસમેન્ટ સેલના સભ્યો તેમજ ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે કહ્યું કે, "વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ જ નહીં પરંતુ તેમની કારકિર્દી માટે યોગ્ય માર્ગદર્શન અને રોજગારીની તકો આપવી એ યુનિવર્સિટીની મહત્વની જવાબદારી છે."

# માણાવદરથી કેશોદ જવાનો ૨૬ કી.મી.નાં રસ્તાની બિસ્માર હાલત

(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૨૩

માણાવદરથી કેશોદ ટૂંકો રસ્તો માત્ર ૨૬ કી.મી. થાય તેવા માણાવદર કોઠડી થય કેશોદ ફોર ટ્રેક ને મળતો આ રસ્તો ટૂંકો હોય આમ જનતા માટે ઉપયોગી તો છે. સાથે ભારે વાહનો માલવાહક વાહનો ખેડૂતો સહિત તમામ લોકો માટે સમય પેટ્રોલ ડીઝલ ષ્ઠહપ્ન ગેસ બધી રીતે બચત થાય તેમ છે. આ રસ્તો ટૂંકો તો છે પણ અત્યંત ખરાબ હાલતના કારણે આમ જનતાને ૪૪ કીમી નો ખોટો ફેરો કરવો પડે છે જેનાથી સમય પેટ્રોલ ડીઝલ ષ્ઠહપ્ન ગેસની નુકસાની વેઠવી પડે છેઆ રસ્તા ઉપર અનેક ગામડાં અને શહેરો ને જોડાય છે આ રસ્તા ભયાનક સ્થિતિ જોવા મળે છે વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે તેમાં પણ ગામડાની સગર્ભા મહિલાઓને બેજીવ સ્થિતિમાં ખરાબ રસ્તા હોય તેમાં દવાખાને ખસેડવામાં આવ્યા હોય ત્યારે મહિલા ઓની કારમી ચિસો નાખવી દે તેવા ખરાબ રસ્તા ની હાલત છે. ખાડા ટેકરાથી વાહન ક્યા ચલાવવું તે પ્રશ્ન પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ખરાબ રસ્તાથી સગર્ભા મહિલા અને પેટ માં રહેલા બાળકના જીવનું જોખમ આ ખરાબ રસ્તાના કારણે રહે છે ઈમર્જેન્સી કેસોમાં પણ દરદીની ? હાલત ખરાબ થઈ જાય છે. તાકીદે માણાવદરથી કેશોદ ટૂંકા રસ્તા ૨૬ કીમીને નવો બનાવવા લોક માંગ ઉઠવા પામી છે જો આ રસ્તો નહિ બને તો ઈમરજન્સી સેવા અને મહિલાઓને બાળકો માટે જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાયા પડે. ઉપરાંત ૨૬ કીમીનો રસ્તો ૪૪ કીમી થાય છે તે નુકસાની અલગ વેઠવી પડે છે. ખાડા ટેકરાના કારણે અગાઉ અકસ્માતો સર્જાયા હતાં તે અટકાવવા જરૂરી છે નહિ તો અનેક પરિવારો વીખાસે એક બાજુ સરકાર દેશમાં વિકાસ માટે અનેક રસ્તા ઓ ફોર ટ્રેક કરે છે. ગામડાની મૂળ ભૂત સુવિધાથી વંચિત રહે છે, માનવ જિંદગી બચાવવા રસ્તા સારા કરો તેવી લોક માંગ છે.

# જૂનાગઢમાં તા. ૨૫ એપ્રિલના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

જૂનાગઢ, તા.૨૩

જૂનાગઢ જિલ્લાના રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ વન૯૭ કમ્યુનિકેશન લી.(PayTm) અને એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લી. એકમમાં સેલ્સ ઓફિસર કે લાઈફ મીત્રની જગ્યાઓ માટે એસ.એસ.સી., ડિપ્લોમા કે સ્નાતકની શૈક્ષણિક લાયકાત અને અનુભવ ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અન્વયે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બી વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, - જૂનાગઢ ખાતે આગામી તારીખ ૨૫/૦૪/૨૦૨૫ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકના સમગ્ર આયોજન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે સ્થળ પર સમયસર સ્વ- ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. આ ભરતી મેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ પોર્ટલના https://anubandham.gujara.gov.in માધ્યમથી પણ ભાગ લઈ શકે છે. આ અંગે વધુ માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકાશે. તેમ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી માધ્યમિક શાળા અને કેળવણી મંડળ આલીદર દ્વારા શિક્ષકોનો વિદાય સન્માન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

આલીદર, તા.૨૩

ગીર સોમનાથ જિલ્લાની માધ્યમિક શાળા આલીદરમાં ફરજ બજાવતા શિક્ષકો ડો.દિલીપભાઈ મકવાણા અને કુ.માયાબેન ચાંડેગરાની પોતાનાં વતનના જીલ્લામાં બદલી થતા તેમનો વિદાય સન્માન કાર્યક્ર્મ યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ વિદાય ગીત અને વિદાય વક્તવ્યો રજૂ કર્યા હતા તેમજ વિદાય પામતાં શિક્ષકોએ પોતાનાં શૈક્ષણિક અનુભવો વ્યક્ત કર્યા હતા. અને કેળવણી મંડળ તથા શાળા પરિવાર તરફથી ભેટ સોગાદો



આપી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે કેળવણી મંડળનાં પ્રમુખ ઉદયસિંહભાઈ વૈંશ, શાળાના પૂર્વ આચાર્ય જે. એન. પરમાર, કેળવણી મંડળનાં સદસ્ય જેસિંગભાઈ પરમાર, શાળાના પૂર્વ ઓફીસ સુપરિટેન્ડેન્ટ માનસિંહભાઈ વૈંશ, નિવૃત આચાર્ય હરીભાઈ ડોડીયા, શિક્ષક સંઘના પ્રમુખ કાળુસિંહ ડોડીયા તથા શાળાના આચાર્ય કૃષ્ણસિંહ વૈંશ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગડુ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

જૂનાગઢ, તા.૨૩

માળિયા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગડુ ખાતે GMERS બ્લડ બેંક જૂનાગઢ ના સહયોગ થી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૪૫ બોટલ બ્લડ



કલેકશન થયેલ હતું. આ બ્લડ ડોનેશન કેમ્પમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.ડાભી, આયુષ મેડિકલ ઓફિસર ડૉભાવિષા નિમાવત, તાલુકા હેલ્થ સુપરવાઈઝર મિતેષ કછોટ, સુપરવાઈઝર ડોડિયા ભાઈ અને પ્રાર્થમીક આરોગ્ય કેન્દ્ર ગડુની ટીમ હાજર રહી હતી અને કેમ્પને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૩



દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક જિલ્લા કલેક્ટર રાજેશ તન્નાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન, ખંભાળિયા ખાતે યોજાઈ હતી.આ બેઠકમાં ગત મિટિંગમાં થયેલ ચર્ચા અનુસાર અપેક્ષિત કામગીરીની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વધુમાં જિલ્લામાં આવેલ બ્લેક સ્પોટ્સ ઉપર અકસ્માતો નિવારવા માટે જરૂરી પગલાઓ લેવા અંગે કલેકટરશ્રી દ્વારા માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા. ઉપરાંત અકસ્માત નિવારણ માટે સાઈનેજ, સ્પીડ બેકર, ટ્રી ટ્રીમિંગ વગેરે સુનિશ્ચિત કરવા જરૂરી સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં પોલીસ અધિક્ષક નિતેશ પાંડેય, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા તેમજ સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. દ્વારા આયોજીત 'ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ' કાર્યક્રમમાં ૧૭ વ્યક્તિઓનું 'પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ'થી સન્માન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા ૨૩







જૈન આચાર્ય પ.પૂ. પદ્મસાગર સૂરિજી મહારાજ સાહેબ તથા રાષ્ટ્રસંત ગુરૂદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પાવન નિશ્રામાં અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ગરિમામયી ઉપસ્થિતિમાં ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. અને ફીલિંગ્સ ફાઉન્ડેશન દ્વારા 'ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ' કાર્યક્રમ અંર્તગત ૧૮માં પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નિવૃત્ત મુખ્ય સચિવશ્રી પી. કે. લહેરી તેમજ ગુજરાત અને ઝારખંડ હાઈકોર્ટના નિવૃત જસ્ટિસ શ્રી પી. પી. ભટ્ટ તથા ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડના સી. એમ. ડી.-એડિટર શ્રી અતુલભાઈ શાહ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

રાષ્ટ્રસંત ગુરુદેવશ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના અર્હમનાદથી 'ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ' કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.ર ત્યારબાદ જૈન આચાર્ય ભગવંતમાન પ.પૂ.પદ્મસાગર સૂરિજી મહારાજ સાહેબ દ્વારા માંગલિકનું પઠન કરવામાં આવ્યું હતું. 'ભારત ભાગ્ય વિધાતા – રાષ્ટ્ર પ્રથમ'ના ૧૮માં એવોર્ડ સમારંભમાં અલગ-અલગ કેટેગરીમાં કુલ ૧૭ વ્યક્તિઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે દેશ પ્રથમનો ભાવ હૈયે રાખી વિવિધ ક્ષેત્રે કાર્યરત વ્યક્તિઓને ફીલિંગ્સ દ્વારા એવોર્ડ આપી સન્માનિત કરવાના આ ઉપક્રમને આવકારું છું, યોગ્ય વ્યક્તિની યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિ કે સંસ્થા દ્વારા યોગ્ય સમયે સન્માન થાય તે સુજ્ઞ સમાજની નિશાની છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પોતાના પ્રેરણાદાયી વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે, ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. છેલ્લા ૨૭ વર્ષોથી ૫૫ જેટલા દેશોમાં ૩૦ લાખથી વધુ વાચકો સુધી સકારાત્મક વિચારો પ્રસરાવી રહ્યું છે અને માનવતાને ભારતીય જીવન મૂલ્યો સાથે જોડી રહ્યું છે ત્યારે ફીલિંગ્સના સી.એમ.ડી-એડિટર શ્રી અતુલભાઈ શાહને હું હાર્દિક અભિનંદન આપું છું. શ્રધ્ધાથી જ્ઞાન, નમ્રતાથી માન અને યોગ્યતાથી સ્થાન મળે છે. સમાજમાં તેવા વ્યક્તિઓનું સન્માન ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ. દ્વારા કરવામાં આવે છે, તે ઉત્તમ કાર્ય માટે તેઓને મારી શુભકામનાઓ પાઠવું છું.

પ્રાસંગિક પ્રવચનમાં ફીલિંગ્સના સી. એમ. ડી એડિટર અતુલ શાહે ઉપસ્થિત જૈનાચાર્યો તેમજ મંચસ્થ મહાનુભાવો અને આમંત્રિતોને આવકાર આપી પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે તેમણે સમાજમાં મનોદિવ્યાંગ બાળકો અને નિઃસહાય વૃધ્ધો માટે આધુનિક સુવિધાથી સજ્જ ભવન નિર્માણ કરવાની પણ ભાવના વ્યક્ત કરી હતી. ભારતની સંસ્કૃતિ અને સમૃદ્ધિના સંવર્ધન માટે વિજ્ઞાન, અધ્યાત્મ, કલાજગત, રમત-ગમત, ઉદ્યોગ-જગત અને સમાજ સેવામાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપનાર દેશ-વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત મહાનુભાવો જેવા કે રાહુલ શુક્લ પરિવાર (યુ.એસ.એ.) અને નિશીથ મહેતા (માઈક્રોસાઈન પ્રોડક્ટસ), વસુધૈવ કુટુંબકમ્ એવોર્ડથી, હીરાભાઈ, કિરણભાઈ વોરા (આસોપાલવ) અને પ્રદિપ ત્રિવેદીને ગુજરાત રત્ન એવોર્ડથી, ભૂપતભાઈ સુખડીયા, શ્રીમતિ જાગૃતિ સુખડીયાને (શ્રી રાધે ડેરી ફાર્મ એન્ડ ફુડ્સ લિ.) બિઝનેસ એવોર્ડથી , માસ્ટર મિરાન ભટ્ટને યંગ સ્ટાર એવોર્ડથી, નીતિન મહેતા, યુ. કે. –ઈન્ટરનેશલ એનિમલ રાઈટ્સ એક્ટિવિસ્ટ એવોર્ડથી, જિતેન્દ્ર ચૌહાણ, બિપીનભાઈ ચૌહાણ, (ઝેડ બ્લ્યુ) – ફેશન એવોર્ડથી, યોગેશભાઈ લાખાણીને (બ્રાઈટ આઉટડોર) ગોલ્ડન અચિવમેન્ટ એવોર્ડથી, વિષ્ણુભાઈ પંડયા, જર્નાલિસ્ટ, લેખક, ઈતિહાસકાર, કોલમીસ્ટને લિટરેચર એવોર્ડથી, સિદ્ધાર્થભાઈ શાહને યંગ એન્ટરપ્રિન્યોર ઓફ ધ યરથી, પ્રકાશભાઈ સંઘવીને (રત્નમણી મેટલ્સ એન્ડ ટ્યૂબ્સ) જૈન રત્ન એવોર્ડથી, ચંદ્રપ્રકાશ દોશીને (અમેરીકન સ્ટીલ્સ પ્રા. લિ.) યંગ એચીવર્સ એવોર્ડથી, પૂ. બ્રહ્મચારી નિરંજનાનંદજી (ડૉ. ધનંજય શાસ્ત્રી)ને ધર્મ રક્ષક એવોર્ડથી, શ્રીમતી ગીતા અગ્રવાલને ધ ચેન્જ મેકર એવોર્ડથી, યોગાચાર્ય રાજેશ બારોટને હેલ્થ એન્ડ ફિટનેસ એવોર્ડથી અને એક્સપર્ટઝ હોલિડેઝના દેવાંગભાઈની ટીમને ઈવેન્ટ મેનેજમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડ 'ભારત ભાગ્ય વિધાતા' ઝુંબેશને વિવિધ કાર્યક્રમોની હારમાળાથી સમગ્ર વર્ષ દરમિયાન કાર્યરત રાખવા કટિબદ્ધ છે, જેથી સમગ્ર પ્રોજેક્ટને એક નવી દિશા સાંપડે. સૌ ભારતીયો, બુદ્ધિ જીવીઓ અને ઉદ્યોગપતિ સહિત તમામ લોકો રાષ્ટ્ર ચેતનાની આ જ્યોતને ઘર-ઘરમાં પહોંચાડી 'ભારત ભાગ્ય વિધાતા' ના સ્વપ્નને સાકાર કરવામાં પોતાનું યથાયોગ્ય યોગદાન આપી શકે. આપ પણ પોતાના નૂતન વિચારો અને રચનાત્મક સૂચનો અમોને લેખિત કે ૧ મિનિટના વીડિયો દ્વારા ઈમેલ info@feelingsmultimedia.com / atulshah496@gmail.com અથવા વોટ્સએપ ૯૮૨૫૩૨૮૪૮૮ ઉપર મોકલાવી શકો છો.

૧) વિશ્વગુરૂ બનવા માટે ભારતે શું કરવું જોઈએ ?

૨) ૨૦૫૦ સુધીમાં સમૃધ્ધ ભારતના નિર્માણમાં 'ભારત ભાગ્ય વિધાતા' તરીકે હું શું યોગદાન આપી શકું ?

૩) મારો એક એવો સંકલ્પ જે મારા રાષ્ટ્રને મદદરૂપ બને.

સમૃદ્ધ ભારતના સ્વપ્નને સાકાર કરવા વિશ્વભરના તમામ ભારતીયોના સજેશન્સ ખૂબ જ જરૂરી છે ત્યારે નૂતન ભારતના ઘડતરમાં આપ સૌ જોડાઈને એક ભારતીય નાગરિક તરીકે આપનું ઋણ અદા કરી શકો છો.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# દીદીના બંગાળમાં અરાજકતા

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદથી લઈને મધ્ય પ્રદેશના ગુના અને તેના પહેલાં નાગપુર મલાડ વગેરેની ઘટનાઓએ દેશને ચિંતામાં મૂકી દીધો છે. આ ઘટનાઓમાં સતત દેખાઈ રહેલા યથાર્થને ઓળખીને તેને અનુરૂપ વ્યવહાર નક્કી કરવાનો સમય છે. મુર્શિદાબાદથી ભાગીરથી નદીમાં નાવ પર બેસીને પલાયન કરતા અને પછી માલદા જિલ્લામાં ઉતરતા લોકોની તસવીરો કોઈપણ સંવેદનશીલ વ્યક્તિને અંદરથી હચમચાવી દેશે. આપણે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં બિનમુસ્લિમો, હિંદુઓ વિરુદ્ધ હિંસા પર ભવાં ચડાવીએ છીએ, આપણા દેશ વિશે શું કહીશું? માલદાના પારલાલપુર હાઈસ્કૂલમાં શરણ માટે લગભગ ૫૦૦ લોકોની તસવીરો અને વક્તવ્ય દેશ સામે છે. તેમાં ત્રણ દિવસના નવજાતથી લઈને મહિલાઓ, બુઝુર્ગ અને બાળકો સામેલ છે. સ્થાનિક લોકોએ તેમના રહેવાની અને ખાવા-પીવાની વ્યવસ્થા કરી છે. ભાજપ પ્રદેશ અધ્યક્ષ સુકાંતા મજૂમદારની યાત્રા બાદ પાર્ટી અને બીજા હિંદુ સંગઠન પણ સક્રિય થયા, પરંતુ શું કોઈને યાદ છે કે ૨૦૨૧ વિધાનસભા ચૂંટણી બાદ હિંદુઓ અસમ અને ઝારખંડ ભાગી ગયા હતા. તેઓ આજ સુધી પાછા ફર્યા કે નહીં દેશને ખબર પણ ન હતી. જ્યારે અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વશર્માએ પોસ્ટ લખી ત્યારે તેની જાણકારી મળી. વર્તમાન ઘટનામાં પલાયન કરી ગયેલા લોકો મુર્શિદાબાદના ધુલિયાનના છે. તેઓ કહી રહ્યા છે કે ઘરોમાં આગ લગાડી દીધી, મારપીટ કરવામાં આવી, હવે ન ઘર રહ્યું, ના ખાવા માટે રાશન બચ્યું, બધું જ લૂંટાઈ ગયું. મણિપુર પર તોફાન ઊભું કરનનારા અને યાત્રા કરનારા રાહુલ ગાંધીથી માંડીને વિપક્ષના નેતાઓની ચૂપકિદી વધારે ડરાવનારી છે. મણિપુર બધા માટે ચિંતાનો વિષય હોવો જોઈએ, તો મુર્શિદાબાદ કેમ નહીં?

આ જ એ પ્રશ્ન છે અલગ-અલગ એવી ઘટનાઓ અને સંદર્ભોમાં જેનો જવાબ ભારત સ્પષ્ટ રૂપે ક્યારેય નથી આપી શક્યું. ધુલિયાનમાં એક ગરીબ પિતા-પુત્રની હત્યા કરી દેવામાં આવી, જેઓ હિંદુ દેવી-દેવતાઓની મૂર્તિઓ બનાવતા હતા. મૂર્તિકાર સાથે કોને વેર હોઈ શકે? લોકો કહી રહ્યા છે કે તેમની પાણીની ટાંકીમાં ઝેર ભેળવી દેવાયું. તેમાં કેટલી સચ્ચાઈ છે તેની તપાસ મમતા બેનર્જી સરકારે કરવી જોઈતી હતી. નથી કરી તેનો મતલબ શો માનવો? કેટલાય તળાવોમાં માછલીઓ સહિત અન્ય જીવ મરેલા જોવા મળ્યા, એટલે કે હુમલાખોરો ઘોષણા કરી રહ્યા હતા કે તમામ પાણીમાં ઝેર ભેળવી દઈશું. ટીવી કેમેરાના માધ્યમથી દેશે ત્યાંની હિંસા જોઈ. હજુ પણ અલગ-અલગ ક્ષેત્રોમાં હિંસા થઈ રહી છે. શમશેરગંજ સહિત કેટલાય સ્થળોએ બીએસએફની ટીમ પર ગોળીબાર કરવામાં આવ્યો. બીએસએફના જવાનોએ કેટલાય ઘરોમાં ભરેલા પથ્થરો દૂર કર્યા. કોલકાતા હાઈકોર્ટના આદેશને કારણે કેન્દ્રીય સુરક્ષા દળોની ૧૭ કંપનીઓ તૈનાત કરવામાં આવી, નહીં તો પશ્ચિમ બંગાળ પોલીસના રહેતાં શું થઈ રહ્યું હતું અન શું થાત એની કલ્પના જ ધ્રુજાવનારી છે. ભાજપ અને આરએસએસની ભલે ગમે તેટલી ટીકા થાય અને તેનો વિરોધ થાય, પરંતુ આવી વિકટ પરિસ્થિતિમાં હિંદુ સમાજ સાથે તેમના સિવાય ઊભું રહેનારું કોઈ જ નથી! અન્ય પાર્ટીઓના સ્થાનિક એકમોને સત્ય દેખાય છે, ભૂમિકા નિભાવવા પણ માગે છે, પરંતુ પ્રદેશ અને કેન્દ્રીય નેતૃત્વના દબાણમાં તે કશું નથી કરી શકાત. સ્થાનિક ભાજપના કેટલાય નેતાઓએ પ્રદેશમાં અફસ્પા લાગુ કરવાની માંગ કરી છે. કોઈને નવા વક્ફ કાયદા સામે વિરોધ હોય તો તેની રીત હિંદુઓ પર હુમલા કેવી રીતે હોઈ શકે? જો વિરોધ કરવો હોય તો તેના માટે હિંદુઓના ઘરો પર હુમલા કરવા, ધર્મસ્થળોને ક્ષતિગ્રસ્ત કરવા, દુકાન-ઘર બાળવા વગેરેની શી જરૂર છે? હુમલાખોરોની તૈયારી કેટલી હતી તેનો અંદાજો એ વાતે આવે કે પલાયન કરી ગયેલા લોકો જણાવી રહ્યા છે કે તેઓ ગેસ સિલિન્ડરોને ખોલીને દિવાસળીથી આગ લગાવી રહ્યા હતા અને તેમાં પેટ્રોલ નાખી રહ્યા હતા. ગુનામાં હનુમાન જયંતીની શોભાયાત્રા પર જેટલી ભારે સંખ્યામાં પથ્થરમારો થયો અને આગચંપી થઈ તેની તૈયારી એકાએક સંભવ નથી. છેલ્લા કેટલાય સમયથી જોવા મળે છે કે હિંદુઓના ઉત્સવો, શોભાયાત્રાઓ વગેરે પર પથ્થરમારાના કિસ્સા વધી રહ્યા છે. મુર્શિદાબાદની ઘટના પર બંગાળની મમતા સરકારના મંત્રી સાદિકુલ્લા ચૌધરી તો કહે છે કે પીડિતોએ પલાયન કર્યું તોય બંગાળમાં જ કર્યું ને! હિંસામાં બહારના અને ભાજપના લોકો સામેલ હતા, તેઓ બીએસએફની ગોળીથી મર્યા છે! મમતા સરકાર અને તેમની પાર્ટીનું સ્ટેન્ડ આવું હોય તો તેમની પાસે શી આશા રાખી શકાય? આવું પહેલી વાર નથી બન્યું. ગયા વર્ષે વર્ધમાન જિલ્લામાં એક બોમ્બ વિસ્ફોટની તપાસ કરવા ગયેલી એનઆઈએની ટીમ પર હુમલો થયો. વિસ્ફોટ બોમ્બ બનાવતાં થયો અને મરનારા ત્રણેય તૃણમૂલના હતા. ચાહે શાહજહાં શેખ પર કાર્યવાહી કરવા ગયેલ ટીમ હોય કે અન્ય જગ્યાએ, ત્યાં તેમના હિંસક વિરોધનો સામનો કરવો પડે છે. મુખ્યમંત્રી મમતાથી માંડીને આખી સરકાર, પાર્ટી હમલાબોલ શૈલીમાં સાથે ઊભી હોય છે. જ્યારે સરકારનો ભય ન હોય તો કટ્ટરવાદી તત્ત્વોમાં આવો જ ઉન્માદ ફેલાય છે.

સત્યને સત્યની જેમ જોઈને પછી રસ્તો કાઢવો જોઈએ. બંગાળ સંપૂર્ણદેશ માટે એવો ડરામણો પ્રશ્ન બની ગયો છે જેનો હજુ સુધી જવાબ નથી મળ્યો. ધીમે ધીમે આવી પ્રવૃત્તિઓ બીજાં રાજ્યોમાં પણ શરૂ થવા લાગી છે. આ સંદર્ભે સરકારો, પાર્ટીઓ અને હિંદુ સંગઠનોએ નવેસરથી પોતાની રણનીતિ નક્કી કરવી પડશે. બંને સમુદાયોના ઉદારવાદી વર્ગોએ આગળ આવવું પડશે અને સમાધાનના પ્રયાસો તેજ કરવા પડશે. કમ સે કમ આવી ઘટનાઓના વિરોધમાં અહિંસક રીતે ધરણાં પ્રદર્શન તો થઈ જ શકે. બંગાળની જે સ્થિતિ છે તેવી કોઈ રાજ્યની સ્થિતિ નથી. ન્યાયતંત્ર પણ તેની આગળ લાચાર જણાય છે. ૨૦૨૧માં હિંદુઓના પલાયનનો કેસ સુપ્રીમ કોર્ટમાં આવ્યો અને સુનાવણી દરમ્યાન એક બંગાળી ન્યાયમૂર્તિએ પહેલાં પોતાને એ કેસથી અલગ કરી લીધા! પછી સુનાવણી પ્રારંભ થઈ અને વધુ એક બંગાળી જજ સાહેબે ખુદને અલગ કરી લીધા. આમ સુનાવણી ટલ્લે ચડતી રહી. જોકે ન્યાયાલયો આવી વધતી પ્રવૃત્તિઓનું સમાધાન ન કરી શકે. એના માટે તો સરકારો, સિવિલ સોસાયટી અને સુજ્ઞ નાગરિકોએ જ આગળ આવવું પડશે.

### શૈક્ષણિક પરિવર્તનમાં ગુજરાત પથદર્શક બનીને ઉભર્યું છેઃ શ્રી જયંત ચૌધરી

# કેન્દ્રીય મંત્રી શ્રી જયંત ચૌધરીએ ૪૦ કૌશલ્ય અભ્યાસક્રમો ઓફર કરતા NSDC-PDEU સેન્ટરનું ઉદ્‌ઘાટન કર્યું







## સેમિકન્ડક્ટર, સોલાર અને સ્માર્ટ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં ઓનલાઈન અને હાઈબ્રિડ કોર્સ ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા. ૨૩

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી જયંત ચૌધરીએ ગુજરાતના ગાંધીનગર ખાતે નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી દ્વારા સંયુક્ત રીતે સ્થાપિત સેન્ટર ઓફ એક્સેલન્સનું લોન્ચિંગ કર્યું હતું.

લોન્ચ દરમિયાન સંબોધન કરતા શ્રી જયંત ચૌધરીએ જણાવ્યું કે, "યુનિવર્સિટીઓ ફક્ત શિક્ષણ સંસ્થાઓ નથી – તે એક એવો સેતુ છે જે યુવા માનસને વાસ્તવિક દુનિયાની સતત બદલાતી પરિસ્થિતિઓ સાથે જોડે છે. તેમને ટેક્નિકલ સજ્જતા અને વૈવિધ્યસભર જ્ઞાન પ્રદાન કરીને, તેઓ વિદ્યાર્થીઓનો વિવેચનાત્મક રીતે વિચારવા, નવીનતામાં ઝંપલાવવા અને અસરકારક રીતે અનુકૂલન પ્રાપ્ત કરવા માટે સશકત બનાવે છે. યુવા વિકાસની આ યાત્રામાં, ગુજરાત એક પથદર્શક રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ, ઉદ્યોગો સાથે ભાગીદારી અને સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને યુનિવર્સિટીઓ એવા વિદ્યાર્થીઓનું ઘડતર કરી રહી છે જેઓ તેમની કારકિર્દી માટે સજ્જ હોવાની સાથે વિચારશીલ, સર્જનાત્મક અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રતિબદ્ધ પણ છે."

તેમણે એ પણ જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં યુનિવર્સિટીઓને ઉદ્યોગોની જરૂરિયાત અનુસાર વિદ્યાર્થીઓને કૌશલ્યની તાલીમ મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ. "આપણે યુનિવર્સિટીઓને ઈનોવેશન માટે સક્ષમ બનાવવાની છે. તે દેશના વિકાસમાં યોગદાન આપશે. અત્યારે ખાનગી કંપનીઓ ઘણી રીતે ઈનોવેશન કરે છે પણ તે સ્વભાવિકપણે તેમના ફાયદા માટે હશે. પણ જ્યારે યુનિવર્સિટી ઈનોવેશન કરે છે, તો તે દેશને ફાયદો કરે છે."

CoE વિશેષ તાલીમ પૂરી પાડવા માટે અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ ધરાવતી પ્રયોગશાળાઓથી સજ્જ હશે. આ સેન્ટર સેમિકન્ડક્ટર ઉત્પાદન, નવીનીકરણીય અને બિન-નવીનીકરણીય ઊર્જા, ડિજિટલ એજ, સ્માર્ટ ઉત્પાદન જેવા ક્ષેત્રોમાં ૪૦ થી વધુ ઑનલાઈન અને હાઈબ્રિડ અભ્યાસક્રમો ઓફર કરશે.

આ મહિનાની શરૂઆતમાં NSDC અને PDEU વચ્ચે આ સંદર્ભમાં એક એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ડિઝાઈને કરાયેલા આ ૪૦ અભ્યાસક્રમો ", ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કાર્યક્રમોના વિદ્યાર્થીઓને સુવિધાઓ આપશે. આ અભ્યાસક્રમો ટિયર-૧, ટિયર-૨ અને ટિયર-૩ સંસ્થાઓના વિદ્યાર્થીઓને ઊર્જા, આરોગ્ય, પાણી અને ખોરાક સહિતના મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં વિશિષ્ટ મેન્યુફેક્ચરિંગ કૌશલ્ય સમૂહોમાં વ્યવહારુ અનુભવથી સજ્જ કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

NSDC ના સીઈઓ અને NSDC ઈન્ટરનેશનલના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વેદમણિ તિવારીએ જણાવ્યું કે, "ભારત તેના યુવાનો માટે એક નવા ભવિષ્યનું નિર્માણ કરી રહ્યું છે, ઝડપથી બદલાઈ રહેલા સમય અનુસાર તેમની અંદર જરૂરી કૌશલ્ય નિર્માણ કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમ દ્વારા ગ્લોબલ સર્ટિફિકેશન પ્રોગ્રામ્સ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે જેના લીધે ભારતીય વિદ્યાર્થીઓને વિશ્વકક્ષાની તાલીમ મળે છે અને આંતરરાષ્ટ્રીય જોબ માર્કેટમાં તેઓ આત્મવિશ્વાસથી આગળ વધી શકે છે."

ભારતને ઊર્જા ક્ષેત્રે ગ્લોબલ લીડર બનાવવા સંદર્ભે તેમણે વધુમાં જણાવ્યું હતું કે "હાઈડ્રોજન ઉત્પાદનના મહત્વપૂર્ણ ક્ષેત્ર સહિત, નવીનીકરણીય અને બિન-નવીનીકરણીય ઊર્જા તકનીકોમાં અત્યાધુનિક તાલીમને એકીકૃત કરીને, ભારત તેના વિદ્યાર્થીઓને વૈશ્વિક ઊર્જા ક્રાંતિમાં મોખરે રહેવા માટે તૈયાર કરી રહ્યું છે. આ વિશિષ્ટ અભ્યાસક્રમો સમગ્ર ભારતના યુવાનો માટે સુલભતા સાથે ઉપલબ્ધ બનશે. આ માત્ર કૌશલ્ય નિર્માણ જ નથી પરંતુ રાષ્ટ્રનિર્માણ છે. આ અભૂતપૂર્વ પ્રયાસોથી દેશના યુવાનોની ક્ષમતામાં વધારો થવાની સાથે ભારત ઊર્જા ક્ષેત્રમાં ગ્લોબલ લીડર તરીકે સ્થાપિત થશે."

PDEU ના ડાયરેક્ટર જનરલ એસ સુંદર મનોહરને જણાવ્યું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અંતર્ગત સમગ્ર ભારતમાં યુવાનોને સશક્ત બનાવવા તેમજ કૌશલ્ય વિકાસને આગળ વધારવાના તેમના મિશનને અનુરૂપ PDEU દેશભરમાં બહોળી સંખ્યામાં નાગરિકોને સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આત્મનિર્ભર અને વિકસિત ભારતના લક્ષ્યને સાકાર કરવામાં આ સેન્ટર્સ ઓફ એક્સલન્સની ભૂમિકા મહત્વપૂર્ણ છે."

# સચિન તેંડુલકરના સાસુની અમદાવાદ સ્થિત NGOનું ફોરેન્સિક ઓડિટ કરાશે

## નાણાંકીય વર્ષમાં ગિવ ફાઉન્ડેશનને મળેલી વિદેશી દાનની રકમ અને આ ભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ ,તા.૨૩

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે અમદાવાદમાં રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતી બિન સરકારી સંસ્થા ગિવ ફાઉન્ડેશનનાં ખાતાંનું ફોરેન્સિક ઓડિટ કરવા આદેશ આપ્યો છે. અમદાવાદના થલતેજમાં રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતા ગિવ ફાઉન્ડેશનનાં ડિરેક્ટર્સમાં ક્રિકેટર સચિન તેંડુલકરનાં સાસુ અન્નાબેલ આનંદ મહેતા પણ છે. અન્નાબેલ આનંદ મહેતા ૨૦૧૦થી ગિવ ફાઉન્ડેશનનાં ડિરેક્ટર છે. ગિવ ફાઉન્ડેશન ગિવ ઈન્ડિયા તરીકે પણ ઓળખાય છે.

ગૃહ મંત્રાલય દ્વારા ભાગ્યે જ કોઈ એનજીઓના ફોરેન્સિક ઓડિટનો આદેશ અપાય છે. એ જોતાં ગિવ ઈન્ડિયા સામે ગંભીર પ્રકારની ફરિયાદો થઈ હોવાની અથવા વિદેશમાંથી મળેલા દાનનો ગેરકાયદેસર કામોમાં દુરૂપયોગ કરાયો હોવાની વાત ધ્યાન પર આવી હોવાની શક્યતા છે.

ગૃહ મંત્રાલય પોતાની રીતે પણ તપાસ શરૂ કરી શકે છે પણ મોટા ભાગના કિસ્સામાં સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા ગેરરીતિની શક્યતા ધ્યાનમાં આવતાં ઓડિટના આદેશ અપાય છે. ગિવ ઈન્ડિયા અથવા ગિવ ફાઉન્ડેશનની રજિસ્ટર્ડ ઓફિસ અમદાવાદમાં થલતેજના ઈન્દ્રપ્રસ્થ ટાવરમાં આવેલી છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપની બોરકર અને મજુમદારને ગૃહ મંત્રાલય દ્વારા ફોરેન્સિક ઓડિટ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. સીએ કંપની ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ એમ ત્રણ નાણાંકીય વર્ષમાં ગિવ ફાઉન્ડેશનને મળેલી વિદેશી દાનની રકમ અને આ ભંડોળનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો તેની તપાસ કરશે.

સીએ કંપનીને ફોરેઈન કન્ટ્રિબ્યુશન રેગ્યુલેશન એક્ટ (એફસીઆરએ)ની કલમ ૨૦ હેઠળ એનજીઓ સાથે સકળાયેલાં લોકો પાસેથી માહિતી માગવાની સાા અપાઈ છે. જ્યારે કલમ ૩૦ હેઠળ ખાતાં તપાસવાની સત્તા અપાઈ છે. બહુ ઓછા કેસોમાં આ કલમો લગાવાય છે એ જોતાં ગિવ ફાઉન્ડેશન દ્વારા મોટા પાયે ગરબડો કરાઈ હોવાની શક્યતા નકારી શકાય નહીં.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.

- સ્વામી રામતીથ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. આદર-૧૩૯૪, મુ. શવ્વાલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, ચૈત્ર વદ-૧૦ પંચક તા.૨૩ એપ્રિલ ૨૦૨૫, બુધવાર, પારસી તા.૧૨, મુસ્લિમ તા.૨૪, ધનિષ્ઠા નક્ષત્ર, શુક્લ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૬, સૂ.અ.૭:૧૩

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: સંતાન બાબતે ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.
વૃષભ:નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.
મિથુન:પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.
કર્ક: શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
સિંહ: કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
કન્યા: માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
તુલા: અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
વૃશ્ચિક:મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
ધન: કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મકર: મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ: વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મીન: મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.

# WWE રેસલ મેનિયામાં ફીચર થનારો પહેલો ભારતીય બન્યો રાણા દગ્ગુબાતી

મુંબઈ, તા.૨૩

આ વીકેન્ડ WWE રેસલ મેનિયાના રસિકો અને ફૅન્સ માટે અલગ બની રહ્યો. રેસલ મેનિયા 41 WWEના ફૅન્સ માટે સૌથી મહત્વની અને લોકપ્રિય ઈવેન્ટ હોય છે, જે વર્ષમાં એક વખત જ યોજાય છે. આ શોમાં ઘણી એવી રસપ્રદ ક્ષણો હતી, જેમાં ફૅન્સને ખુબ મજા આવી હતી. આ શોની સૌથી રસપ્રદ વાત હતી 'રાણા નાઈડુ' ફેમ રાણા દગ્ગુબાતી.WWE રેસલ મેનિયાને આગળની હરોળમાં બેસીને આમંત્રિત થયો હોય એવો એ પહેલો ભારતીય છે. રાણા પહેલાંથી જ WWEનો ફૅન રહ્યો છે. મહત્વની વાત એ છે કે તેની હાજરીની ખાસ નોંધ લેવાઈ અને તેના નામની જાહેરાત પણ કરવામાં આવી હતી, આ ઘટના લાઈવ સ્ટ્રિમીંગમાં પણ દેખાઈ, જેને દુનિયાભરના WWEના ફૅન્સ દ્વારા માણવામાં આવી હતી. WWEનો આ ફૅન બિલકુલ સેન્ટરમાં ળન્ટ રૉમાં બેઠેલો દેખાતો હતો, સાથે જ મુંબઈમાં WWE વોટ પાર્ટીનું પણ આયોજન થયું હતું, જેમાં મુંબઈના ફૅન્સ માટે નેટફ્લિક્સ પર રેસલ મેનિયા વોચપાર્ટીનું પણ આયોજન થયું હતું.રેસ મેનિયા 41 લાસ વેગાસ ખાતે યોજાઈ હતી, જે માત્ર રીંગની અંદર રમાતી મૅચ જ નહોતી, પરંતુ તેમાં આ રમતનો વિશ્વના લોકોને એકબીજા સાથે જોડતો જુસ્સો અને પ્રેમ, ફૅન્સ માટે ઉજવણી સમાન હતું. તેમાં પણ ખાસ કરીને રાણા દ્વારા ભારતનું પ્રતિનિધિત્વ કરવાની બાબતને સમગ્ર દુનિયામાંથી ખુબ પ્રેમ મળ્યો અને આ ઘટના સૌથી વધુ જોવાઈ હતી. આ મૅચ દુનિયાની સૌથી વધુ જોવાયેલી મૅચ બની રહી હતી. લાસ વેગાસથી પોતાના ફૅન્સ સાથે વાત કરતા રાણાએ કહ્યું હતું, "રેસમેનિયા 41માં ભાગ લેવો એ એક અવર્ણનીય બાબત છે. WWE એ મારા બાળપણથી જીવનનો એક ભાગ રહ્યું છે.

### સંઘના વડાએ સામાજિક સૌહાર્દ પર ભાર મૂક્યો

# 'એક મંદિર, એક કૂવો, એક સ્મશાન'ના સિદ્ધાંતને અપનાવો : મોહન ભાગવત

## ભાગવતે કહ્યું કે પરિવાર એ સમાજનું મૂળભૂત એકમ છે, જે સંસ્કારમાંથી પ્રાપ્ત થયેલા મજબૂત કૌટુંબિક મૂલ્યો પર આધારિત છે



અલીગઢ, તા.૨૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે જાતિગત ભેદભાવનો અંત લાવવા માટે 'એક મંદિર, એક કૂવો અને એક સ્મશાન'ના સિદ્ધાંતને અપનાવીને સામાજિક સમરસતા માટે પ્રયાસો કરવા હાકલ કરી છે. સંઘના વડા અલીગઢના પાંચ દિવસના પ્રવાસે છે. સાસની ગેટ વિસ્તારમાં એચ બી ઈન્ટર કોલેજ અને પંચન નગરી પાર્ક ખાતે આયોજિત બે શાખાઓમાં સ્વયંસેવકોને સંબોધતા ભાગવતે હિન્દુ સમાજના સભ્યોને સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા હાકલ કરી હતી જે ફક્ત સંવાદિતા દ્વારા જ પ્રાપ્ત કરી શકાય છે.આરએસએસના સૂત્રોના જણાવ્યા અનુસાર ભાગવતે હિન્દુ સમાજના પાયા તરીકે સંસ્કાર (સંસ્કૃતિ)ના મહત્વ પર ભાર મૂક્યો અને સભ્યોને પરંપરા, સાંસ્કૃતિક મૂલ્યો અને નૈતિક સિદ્ધાંતો પર આધારિત સમાજ બનાવવા વિનંતી કરી હતી. તેમણે RSS સભ્યોએ હાકલ કરી હતી કે, સમાજના તમામ વર્ગો સુધી પહોંચવું જોઈએ અને તેમને તેમના ઘરે આમંત્રિત કરવા જોઈએ જેથી તેઓ પાયાના સ્તરે સંવાદિતા અને એકતાનો સંદેશ ફેલાવી શકે.ભાગવતે કહ્યું કે પરિવાર એ સમાજનું મૂળભૂત એકમ છે, જે સંસ્કારમાંથી પ્રાપ્ત થયેલા મજબૂત કૌટુંબિક મૂલ્યો પર આધારિત છે. તેમણે રાષ્ટ્રવાદ અને સામાજિક એકતાના પાયાને મજબૂત બનાવવા માટે તહેવારોની સામૂહિક ઉજવણીને પ્રોત્સાહન આપ્યું. ૧૭ એપ્રિલથી શરૂ થયેલી તેમની પાંચ દિવસની મુલાકાત દરમિયાન આરએસએસ વડા બ્રિજ પ્રદેશ હેઠળ આવતા તમામ જિલ્લાઓના આરએસએસ પ્રચારકોને દરરોજ મળી રહ્યા છે અને તેમની સાથે વિચારોનું આદાન-પ્રદાન કરી રહ્યા છે.

# યુએસ કોર્ટની હકાલપટ્ટી ઉપર રોક; ‘સરકારને આગામી આદેશ સુધી અટકાયતીઓને દૂર ન કરવાનો નિર્દેશ’

## જસ્ટિસ ક્લેરેન્સ થોમસ અને સેમ્યુઅલ એ. એલિટો જુનિયરે અસંમતિ વ્યક્ત કરી, વ્હાઈટ હાઉસે કોઈ તાત્કાલિક પ્રતિભાવ આપ્યો ન હતો

ન્યુયોર્ક તા.૨૩

સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ વહીવટી તંત્રને ભાગ્યે જ ઉપયોગમાં લેવાતા યુદ્ધ સમયના કાયદાની વિસ્તૃત સત્તાઓ હેઠળ ગેંગના સભ્યો હોવાના આરોપમાં વેનેઝુએલાના સ્થળાંતર કરનારાઓના બીજા જૂથને દેશનિકાલ કરવાથી અસ્થાયી રૂપે અવરોધિત કર્યો હતો. કોર્ટે એક સંક્ષિપ્ત, સહી વિનાના આદેશમાં કહ્યું કે, "સરકારને આ કોર્ટના આગામી આદેશ સુધી અમેરિકામાંથી અટકાયતીઓના કથિત વર્ગના કોઈપણ સભ્યને દૂર ન કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે." જસ્ટિસ ક્લેરેન્સ થોમસ અને સેમ્યુઅલ એ. એલિટો જુનિયરે અસંમતિ વ્યક્ત કરી. વ્હાઈટ હાઉસે કોઈ તાત્કાલિક પ્રતિભાવ જારી કર્યો ન હતો. પરિસ્થિતિની જાણકારી ધરાવતા બે લોકોના જણાવ્યા અનુસાર, ટેક્સાસના એન્સન સ્થિત ઈમિગ્રેશન ડિટેન્શન સેન્ટરમાંથી ૫૦થી વધુ વેનેઝુએલાના લોકોને સંભવતઃ અલ સાલ્વાડોર દેશમાંથી બહાર કાઢવાનું નક્કી કરવામાં આવ્યું હતું, પરિસ્થિતિથી વાકેફ બે લોકોના જણાવ્યા અનુસાર. તાજેતરના દિવસોમાં ACLU એ ન્યૂ યોર્ક, ડેનવર અને બ્રાઉન્સવિલે, ટેક્સાસ સહિત અન્ય સ્થળોએ કાયદા, એલિયન એનિમીઝ એક્ટ હેઠળ સમાન દેશનિકાલ ઉપર પ્રતિબંધ મૂકવાના કોર્ટના આદેશો પહેલાથી જ મેળવી લીધા હતા. એન્સનમાં પરિસ્થિતિ એટલી તાકીદની હતી કે ACLUના વકીલોએ ગત શુક્રવારે પાંચ કલાકની અંદર ત્રણ અલગ અલગ કોર્ટમાં વાંધા ઉઠાવ્યા હતા. વકીલોએ ટેક્સાસના એબિલીનમાં ફેડરલ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં કટોકટી ફાઈલિંગ સાથે શરૂઆત કરી, જેમાં તેમણે દાવો કર્યો કે એન્સનમાં બ્લુબોનેટ ડિટેન્શન સેન્ટરના અધિકારીઓએ વેનેઝુએલાના ઈમિગ્રન્ટ્સને નોટિસનું વિતરણ કરવાનું શરૂ કર્યું છે જેમાં તેમને જાણ કરવામાં આવી છે કે તેઓ દેશનિકાલનો સામનો કરી શકે છે. તેમણે કેસની દેખરેખ



રાખતા ન્યાયાધીશ જેમ્સ વેસ્લી હેન્ડ્રિક્સને ઉત્તારી જિલ્લા ટેક્સાસમાં એલિયન એનિમીઝ એક્ટ હેઠળ દેશનિકાલનો સામનો કરી શકે તેવા તમામ સ્થળાંતરકારોને રક્ષણ આપવા માટે તાત્કાલિક આદેશ જારી કરવા કહ્યું. જ્યારે ન્યાયાધીશ હેન્ડ્રિક્સે તેમની વિનંતી ઝડપથી મંજૂર ન કરી - અને પછીથી તેને સંપૂર્ણપણે નકારી કાઢી ત્યારે વકીલોએ ન્યૂ ઓર્લિયન્સમાં યુએસ કોર્ટ ઓફ અપીલ્સ ફોર ધ ફિફ્થ સર્કિટમાં સમાન વિનંતી દાખલ કરી. ત્યારબાદ વકીલોએ સુપ્રીમ કોર્ટમાં એક કટોકટી અરજી દાખલ કરી, જેમાં ન્યાયાધીશોને હસ્તક્ષેપ કરવા અને કોઈપણ દેશનિકાલ ઉપર તાત્કાલિક રોક લગાવવા વિનંતી કરી કારણ કે ઘણા વેનેઝુએલાના પુરુષો "પહેલેથી જ બસોમાં ભરાઈ ગયા હતા, સંભવતઃ એરપોર્ટ તરફ જઈ રહ્યા હતા." રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગયા મહિને એક ઘોષણાપત્ર બહાર પાડ્યું ત્યારથી ઈમિગ્રેશન વકીલો ફેડરલ સરકાર સાથે બિલાડી અને ઉંદરની રમત રમી રહ્યા છે, કારણ કે ઈમિગ્રન્ટ્સ, જેમને તેઓ કહે છે કે તેઓ ટ્રેન ડી અરાગુઆના સભ્ય છે, જે એક હિંસક વેનેઝુએલાની શેરી ગેંગ છે, તેમને દેશનિકાલ કરવા માટે એલિયન એનિમીઝ એક્ટનો ઉપયોગ કરે છે. ૧૭૯૮માં પસાર થયેલ આ કાયદો, ઘોષિત યુદ્ધના સમયગાળા દરમિયાન, યુએસ ઈતિહાસમાં ફક્ત ત્રણ વખત જ ઉપયોગમાં લેવાયો છે. આ કાયદા હેઠળ દેશનિકાલ રોકવા માટે ACLU જેવા જૂથો દ્વારા કરવામાં આવેલા પ્રયાસો સુપ્રીમ કોર્ટના ચુકાદા દ્વારા જટિલ બન્યા હતા જેમાં જાણવા મળ્યું હતું કે કાયદાને આધીન કોઈપણ વ્યક્તિને તેમના નિકાલને પડકારવાની તક આપવાની જરૂર છે, પરંતુ ફક્ત તે સ્થળોએ જ જ્યાં તેમને અટકાયતમાં રાખવામાં આવી રહ્યા હોય.

# બોર્ડના વિનિયમોમાં સુધારા માટેની સમિતિમાં વધુ ૧૧ સભ્યોનો સમાવેશ કરાયો

અમદાવાદ, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિનિયમોમાં સુધારાને લઈને શિક્ષણ વિભાગ દ્વારા ૯ સભ્યોની સમિતિની રચના કરી હતી. આ સમિતિ સુધારા અંગે ૩ માસમાં શિક્ષણ વિભાગને અહેવાલ સુપરત કરશે. જોકે, આ સમિતિમાં વધુ સભ્યોની નિમણુકને લઈને સરકાર દ્વારા વિચારણા બાદ ૧૧ સભ્યોની નિમણુંક કરી હોવાનું જાણવા મળે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના અધિનિયમ-૧૯૭૨ની કલમ-૩ હેઠળ થઈ છે. અધિનિયમની કલમ-૫૩ હેઠળ અધિનિયમની જોગવાઈઓના અસરકારક અમલીકરણ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ઘડાયા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો૧૯૭૪માં જરૂર જણાય તો વખતોવખત સુધારા કરવામાં આવે છે. હાલમાં ઘણી બધી જોગવાઈઓની સ્પષ્ટતાઓ ન હોવાના સંજોગોમાં હાઈકોર્ટ તેમજ ટ્રીબ્યુનલમાં સરકાર પક્ષે બચાવની યોગ્ય કાર્યવાહી થઈ શકતી નથી. જેથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોમાં સુધારા કરવા માટે શિક્ષણ વિભાગે ૫ ફેબ્રુઆરીએ બોર્ડના ચેરમેનના અધ્યક્ષસ્થાને ૯ સભ્યોની કમિટીની રચના કરી હતી. આ કમિટીમાં બોર્ડના ચેરમેન ઉપરાંત ઉપાધ્યક્ષ, બોર્ડના સચિવ, નિયામક શાળાની કચેરી, બોટાદ અને કચ્છના જિલ્લા શિક્ષણાધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ સમિતિ દર ૧૫ દિવસે મળશે અને બોર્ડના વિનિયમોમાં કેવા પ્રકારના ફેરફાર કરવા તે અંગે અહેવાલ તૈયાર કરી ૩ માસમાં સરકારને સુપરત કરશે. આ સમિતિની રચના બાદ વધુ સભ્યોની નિમણૂકને લઈને સરકાર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં વિવિધ શૈક્ષણિક સંગઠનોને પણ સુધારા માટેની સમિતિમાં સ્થાન મળે તે માટે આયોજન કરાયા બાદ શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડી વધુ ૧૧ સભ્યોને સમિતિમાં સમાવ્યા છે. જે સભ્યોનો સમાવેશ કરાયો છે તેમાં રમેશ ચૌધરી, જીજ્ઞેશ પટેલ, જીતેન્દ્ર ઠાકર, ચેતન ભગોરા, વિષ્ણુ પટેલનો સમાવેશ કરાયો છે. ઉપરાંત ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ વતી ભરત ચૌધરી, ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ વતી ભરત પટેલ, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ વતી કિરીટ મહિડા, વહીવટી કર્મચારી મંડળ વતી મિતેષ મોદીનો સમાવેશ કરાયો છે. જ્યારે બોર્ડના સભ્ય એવા જે.વી. પટેલ અને મનુ રાવલનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# મહારાષ્ટ્ર ભાષા સમિતિએ દેવેન્દ્ર ફડણવીસ સરકારના ‘ફરજિયાત હિન્દી’ના પગલાનો સખત વિરોધ કર્યો

મુંબઈ તા.૨૩

પેનલના વડા લક્ષ્મીકાંત દેશમુખે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને અગાઉના નિર્ણયને રદ કરવા વિનંતી કરી છે. ૧૭ એપ્રિલના રોજ રાજ્ય સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અનુસાર તમામ રાજ્ય બોર્ડ શાળાઓમાં ધો.૧થી ત્રીજી ભાષા તરીકે હિન્દી, મરાઠી અને અંગ્રેજી શીખવવાનું ફરજિયાત બનાવ્યું. મહારાષ્ટ્ર સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (SCERT)ના ડિરેક્ટર રાહુલ અશોક રેખાવરે જણાવ્યું હતું કે, શાળા શિક્ષણ વિભાગ દ્વારા ૧૬ એપ્રિલના રોજ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. રેખાવરે જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર સરકાર વતી, શાળા શિક્ષણ વિભાગે તમામ રાજ્ય બોર્ડ શાળાઓમાં ધો.૧થી મરાઠી અને અંગ્રેજી સાથે હિન્દી ભાષા શીખવવાનું ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય તમામ પ્લેસમેન્ટ અને તેમના વિકાસને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે અને વિદ્યાર્થીઓને ચોક્કસપણે તેનો લાભ મળશે. વિરોધ પક્ષોએ આ પગલાનો વિરોધ કર્યા પછી ફડણવીસે જણાવ્યું, મહારાષ્ટ્રમાં મરાઠી ભાષા ફરજિયાત છે; દરેકે તે શીખવી જોઈએ. ઉપરાંત જો તમે અન્ય ભાષાઓ શીખવા માંગતા હો, તો તમે તે કરી શકો છો. હિન્દીનો વિરોધ કરવો અને અંગ્રેજીનો પ્રચાર કરવો આશ્ચર્યજનક છે. જો કોઈ મરાઠીનો વિરોધ કરશે તો તે સહન કરવામાં આવશે નહીં. મહા વિકાસ અઘાડીએ હિન્દીના પગલાનો વિરોધ કર્યો વિપક્ષ મહા વિકાસ અઘાડી (MVA)એ શાસક મહાયુતિ સરકાર ઉપર પ્રહારો કર્યા. મહારાષ્ટ્રમાં CBSE બોર્ડને ફરજિયાત બનાવવાના શિક્ષણ મંત્રીના નિવેદનનો વિરોધ કરનાર હું પહેલો વ્યક્તિ હતો. હાલના રાજ્ય બોર્ડને CBSE સાથ બદલવાની શું જરૂર છે ? ભાષાના મુદ્દા ઉપર ચર્ચા કરતા પહેલા આપણે રાજ્યમાં મૂળભૂત શિક્ષણ માળખા વિશે વાત કરવી જોઈએ, NCP (SP) સાંસદ સુપ્રિયા સુલેએ PTIને જણાવ્યું. પૂર્વ મુખ્યમંત્રી અને શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, જો તમે (અમને) પ્રેમથી કહો છો, તો અમે બધું કરીશું, પરંતુ જો તમે કંઈપણ લાદશો, તો અમે તેનો વિરોધ કરીશું. હિન્દી શીખવા માટે આ દબાણ શા માટે? કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે આ નિર્ણયનો સખત વિરોધ કર્યો અને સરકારને ભાષા ‘લાદવા’ ન દેવા કહ્યું. કોંગ્રેસના નેતાએ પૂછ્યું, ‘તમે તેને વૈકલ્પિક રાખી શકો છો, પરંતુ તમે તેને લાદી શકતા નથી. તમે કોના ઈશારે રાજ્ય ઉપર આ ભાષા લાદવાનો પ્રયાસ કરી રહ્યા છો ?’ કોંગ્રેસના નેતાએ ANIને જણાવ્યું, ‘અમે મરાઠીને અમારી માતૃભાષા માનીએ છીએ અને આ ત્રીજી ભાષા જે રજૂ કરવામાં આવી રહી છે તેને અંદર ન લાવવી જોઈએ. મરાઠી લોકોના અધિકારો સામે કોઈ બળજબરી ન થવી જોઈએ આ અમારી માંગ છે.

# ઈઝરાયેલી વડાપ્રધાન નેતાન્યાહુ કહે છે કે, અમારી પાસે ગાઝામાં યુદ્ધ ચાલુ રાખવા સિવાય ‘કોઈ વિકલ્પ નથી’

(એજન્સી) તા.૨૩

ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂના વલણ ઉપરથી એવું લાગે છે કે ગાઝામાં વધુ રક્તપાત થશે. નેતન્યાહૂએ ફરી કહ્યું કે ઈઝરાયેલ પાસે ગાઝામાં લડાઈ ચાલુ રાખવા સિવાય કોઈ વિકલ્પ નથી. તેમણે કહ્યું કે ઈઝરાયેલ હમાસનો સંપૂર્ણ નાશ કર્યા વિના, બંધકોને મુક્ત કર્યા વિના અને આ પ્રદેશ ઈઝરાયેલ માટે ખતરો ન બને તે સુનિશ્ચિત કર્યા વિના યુદ્ધનો અંત લાવશે નહીં. આ સાથે, નેતન્યાહૂએ એ પણ પુનરોચ્ચાર કર્યો કે તેઓ ખાતરી કરશે કે ઈરાન ક્યારેય પરમાણુ શસ્ત્રો ન મેળવે. નેતન્યાહૂએ દાવો કર્યો હતો કે હમાસે યુદ્ધવિરામ ચાલુ રાખવાના બદલામાં અડધા બંધકોને મુક્ત કરવાના ઈઝરાયેલના નવા પ્રસ્તાવને નકારી કાઢ્યો છે. ગાઝામાં થયેલા હુમલા બાદ નેતન્યાહૂએ આ વાત કહી હતી. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૪૮ કલાક દરમ્યાન ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ૯૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયેલી સૈનિકો હમાસ ઉપર બંધકોને મુક્ત કરવા અને શસ્ત્રો મૂકવા દબાણ કરવા માટે તેમના હુમલાઓ તીવ્ર બનાવી રહ્યા છે. હોસ્પિટલ સ્ટાફના જણાવ્યા અનુસાર, રાત્રે મૃત્યુ પામેલા ૧૫ લોકોમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. હોસ્પિટલના કર્મચારીઓએ જણાવ્યું હતું કે દક્ષિણ શહેર ખાન યુનિસમાં ઓછામાં ઓછા ૧૧ લોકો માર્યા ગયા હતા, જેમાંથી ઘણા મુવાસી વિસ્તારમાં એક તંબુમાં હતા, જ્યાં લાખો વિસ્થાપિત લોકો રહે છે. ઈઝરાયેલે તેને માનવતાવાદી ક્ષેત્ર જાહેર કર્યું છે. શોકગ્રસ્તોએ મૃતકોના ચહેરાને પકડીને ચુંબન કર્યું. એક માણસે બોડી બેગ બંધ કરતા પહેલા આંગળી વડે બાળકના કપાળ ઉપર હાથ ફેરવ્યો. રફાહ શહેરમાં થયેલા હુમલામાં ચાર અન્ય લોકો માર્યા ગયા, જેમાં એક મહિલા અને તેની પુત્રીનો પણ સમાવેશ થાય છે. મધ્ય ગાઝામાં નુસેરાતની પશ્ચિમમાં નાગરિકોના જૂથ ઉપર ઈઝરાયેલી હવાઈ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું. ઈઝરાયેલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે સપ્તાહના અંતે ૪૦થી વધુ પ્રતિકારીઓને મારી નાખ્યા છે. સેનાએ જણાવ્યું હતું કે શનિવારે ઉત્તર ગાઝામાં એક સૈનિકનું મોત થયું હતું અને પુષ્ટિ આપી હતી કે ૧૮ માર્ચે ઈઝરાયેલે યુદ્ધ ફરી શરૂ કર્યા પછી આ પ્રથમ સૈનિકનું મૃત્યુ છે. હમાસની સશસ્ત્ર પાંખ કાસમ બ્રિગેડે જણાવ્યું હતું કે તેણે ગાઝા શહેરના અલ-તુફાહ પડોશની પૂર્વમાં કાર્યરત ઈઝરાયેલી દળો ઉપર હુમલો કર્યો હતો. ઈઝરાયેલે ગાઝામાં હુમલાઓ વધારવા અને ૨૦ લાખથી વધુ લોકોની નાની દરિયાકાંઠાની પટ્ટીની અંદર અનિશ્ચિત સમય માટે મોટા "સુરક્ષા ક્ષેત્રો" ઉપર કબજો કરવાની પ્રતિજ્ઞા લીધી છે. હમાસ ઈચ્છે છે કે ઈઝરાયેલી સેના ગાઝામાંથી પાછી ખેંચી લે. ઈઝરાયેલે છેલ્લા છ અઠવાડિયાથી ગાઝા ઉપર નાકાબંધી લાદી છે, જેના કારણે ફરીથી ખોરાક અને અન્ય ચીજવસ્તુઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્રના જણાવ્યા અનુસાર, સહાય જૂથોએ આ અઠવાડિયે ચિંતા વ્યક્ત કરી છે અને કહ્યું છે કે હજારો બાળકો કુપોષિત થઈ ગયા છે અને મોટાભાગના લોકો દિવસમાં એક વાર પણ ખાવા માટે સક્ષમ નથી કારણ કે તેનો સ્ટોક ઓછો થઈ ગયો છે. વિશ્વ આરોગ્ય સંગઠનના પૂર્વીય ભૂમધ્ય કાર્યાલયના વડા ડૉ. હનાન બલ્ખીએ શુક્રવારે ઈઝરાયેલમાં નવા યુએસ રાજદૂત માઈક હુકાબીને વિનંતી કરી કે તેઓ દેશ ઉપર ગાઝા ઉપરનો નાકાબંધી હટાવવા માટે દબાણ કરે જેથી દવાઓ અને અન્ય સહાય પહોંચી શકે. "હું ઈચ્છું છું કે તેઓ ત્યાં જાય અને પરિસ્થિતિને પ્રત્યક્ષ રીતે જુએ,"

# ગાઝા ઉપર ઈઝરાયેલી બોમ્બમારાથી બે દિવસમાં ૯૨ લોકોનાં મોત : આરોગ્ય મંત્રાલય

(એજન્સી) તા.૨૩

ગાઝા પટ્ટીના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર છેલ્લા બે દિવસમાં ઈઝરાયેલના હુમલામાં ૯૨ પેલેસ્ટાઈનના મોત થયા છે. ૧૭-૧૯ એપ્રિલના રોજ થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૨૧૯ લોકો ઘાયલ થયા છે અને હોસ્પિટલમાં દાખલ થયા અને ડઝનેક હજુ પણ કાટમાળ હેઠળ અથવા એવા વિસ્તારોમાં ફસાયેલા હતા જ્યાં બચાવ ટીમો પહોંચી શકી ન હતી. રક્તપાતમાં વધારો થયો છે કારણ કે ઈઝરાયેલ છ સપ્તાહની સહાય નાકાબંધી ઉપર આગ્રહ રાખે છે અને કોઈપણ યુદ્ધવિરામ સંમત થાય તે પહેલાં હમાસને નિઃશસ્ત્ર કરવાની માંગ કરે છે. સશસ્ત્ર સમુહે માંગને સ્પષ્ટપણે નકારી કાઢી છે અને આગ્રહ કર્યો છે કે કોઈપણ કરારમાં કાયમી યુદ્ધવિરામનો સમાવેશ થવો જોઈએ. નિવેદન અનુસાર, ખાન યુનિસમાં તંબુઓ ઉપર રાતોરાત હવાઈ હુમલા દરમ્યાન ઓછામાં ઓછા ૧૫ બાળકો મૃત્યુ પામ્યા છે. રાફાહ ઉપરના હુમલામાં એક માતા અને તેની પુત્રી, અન્ય બે લોકો સાથે માર્યા ગયા હતા, યુરોપિયન હોસ્પિટલ અનુસાર, જ્યાં તેમના મૃતદેહ લેવામાં આવ્યા હતા. ‘મોટાભાગના નાગરિકો માટે, રાત્રિનો સમય ભયાનક અને અસહ્ય પીડાનો સમય છે,’ અલ જઝીરાના તારિક અબુ અઝુમે જણાવ્યું કે, મધ્ય ગાઝાથી અહેવાલ આપે છે. ‘કોઈ પણ તેમના ઘરોમાં કામચલાઉ તંબુઓમાં વિસ્થાપન શિબિરોમાં સુરક્ષિત નથી. સંક્ષિપ્ત યુદ્ધવિરામ બાદ ૧૮ માર્ચે તેની સૈન્ય કામગીરી ફરી શરૂ કરી ત્યારથી, ઈઝરાયેલે ગાઝા ઉપરના તેના ૧૮ મહિનાના યુદ્ધને વધુ તીવ્ર બનાવવા અને પટ્ટીની અંદર મોટા ‘સુરક્ષા ઝોન’ કબજે કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

# બાંગ્લાદેશે પદભ્રષ્ટ પ્રધાનમંત્રી શેખ હસીના સામે ઈન્ટરપોલ રેડ કોર્નર નોટિસની માંગણી કરી

ઢાંકા તા.૨૩

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુશ્કેલીઓ વધી શકે છે. બાંગ્લાદેશની પોલીસ શેખ હસીના સામે કાર્યવાહી કરવા માટે સંપૂર્ણ તાકાત લગાવી રહી છે. મળતી માહિતી મુજબ, બાંગ્લાદેશ પોલીસના નેશનલ સેન્ટ્રલ બ્યુરો (NCB)એ ઈન્ટરપોલને ૧૨ લોકો સામે રેડ કોર્નર નોટિસ આપવા વિનંતી કરી છે. આ યાદીમાં પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીનાનું નામ પણ સામેલ છે. મળતી માહિતી મુજબ, ૭૭ વર્ષીય શેખ હસીના ગયા વર્ષે ૫ ઓગસ્ટથી ભારતમાં રહે છે. રાજધાની ઢાકામાં થયેલા હિંસક વિદ્યાર્થી આંદોલન બાદ શેખ હસીના બાંગ્લાદેશથી ભાગી ભારત આવી પહોંચ્યા હતા. આ ચળવળથી તેમના પક્ષ અવામી લીગ (AL)ના ૧૬ વર્ષના શાસનનો અંત આવ્યો હતો. અહેવાલ અનુસાર, NCB આવી અરજીઓ ઉપર કોર્ટ, સરકારી વકીલ અથવા તપાસ એજન્સીઓની અપીલના આધારે કાર્યવાહી કરે છે. પોલીસના હેડક્વાર્ટરમાં સહાયક પોલીસ મહાનિરીક્ષક (મીડિયા) એનામુલ હક સાગરે જણાવ્યું હતું કે, ‘આ અરજીઓ તપાસ દરમિયાન અથવા કોઈપણ ચાલુ કેસની કાર્યવાહીમાં ઉદ્‌ભવતા આરોપોના સંદર્ભમાં દાખલ કરવામાં આવી છે.’ ઈન્ટરપોલ દ્વારા રેડ નોટિસનો ઉપયોગ કોઈ વ્યક્તિની અસ્થાયીરૂપે ધરપકડ કરવા માટે કરવામાં આવે છે, જેથી પ્રત્યાર્પણ અથવા અન્ય કાનૂની કાર્યવાહી શરૂ કરી શકાય. ઈન્ટરપોલ વિદેશમાં રહેતા ભાગેડુઓને શોધવામાં મદદ કરે છે અને એકવાર પુષ્ટિ થયા બાદ, માહિતી સંબંધિત અધિકારીઓ સાથે શેર કરવામાં આવે છે.

# વધુ ૩૫ દવાઓ ઉપર પ્રતિબંધ : પ્રજાના આરોગ્ય સાથે ચેડાં ક્યાં સુધી થતાં રહેશે ?



અમદાવાદ તા.૨૩

આપણા દેશમાં કદાચ સૌથી સસ્તી પ્રજાની જિંદગી છે. કેમ કે એની સાથે જે રીતે છડે ચોક ચેડાં ભૂતકાળમાં થતાં આવ્યા છે અને આજે પણ થઈ રહ્યા છે એ બહુ જ કમનસીબ બાબત છે. ડગલે ને પગલે દેશના આમ આદમીની સલામતી સામે જોખમ હોય છે. ચાહે તે માર્ગ ઉપરની સુરક્ષાનો મામલો હોય, કાયદો અને વ્યવસ્થાનો મામલો હોય, ખોરાકમાં ભેળસેળનો મામલો હોય કે કોઈપણ બાબત હોય. પ્રજાની સલામતી હંમેશા તાક ઉપર જ રહે છે અને હદ તો ત્યાં થાય છે કે, જીવનરક્ષક દવાઓમાં પણ ભેળસેળ થતી જ રહે છે જેમ કે હાલમાં જ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (CDSCO) દ્વારા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ડ્રગ કંટ્રોલર્સને ૩૫ દવાઓ પર પ્રતિબંધ મૂકવાની સૂચના સામાન્ય લોકોના સ્વાસ્થ્યના રક્ષણને ધ્યાનમાં રાખીને એક જરૂરી પગલું છે, પરંતુ આનાથી ફરી એકવાર સ્પષ્ટ થાય છે કે દવા કંપનીઓ સામાન્ય લોકોના સ્વાસ્થ્ય સાથે કેવી રીતે રમત રમી રહી છે. ઉલ્લેખનીય છે કે CDSCOyu 3 ’ફિક્સ્ડડોઝ કોમ્બિનેશન’ એટલે કે FDC દવાઓનું ઉત્પાદન, વેચાણ અને વિતરણ બંધ કરવાનો નિર્દેશ આપ્યો છે, જેમાં પેઈનકિલર્સ, ન્યુટ્રિશનલ સપ્લિમેન્ટ્સ અને ડાયાબિટીસ વિરોધી દવાઓનો સમાવેશ થાય છે. આ પ્રતિબંધનો હેતુ આ દવાઓ દ્વારા જાહેર આરોગ્ય અને સલામતી માટેના જોખમોને રોકવાનો છે. પરંતુ પ્રશ્ન એ છે કે સરકારના સંબંધિત વિભાગો હેઠળ એક વ્યાપક તંત્ર હોવા છતાં આ દવાઓ ખુલ્લા બજારમાં કેવી રીતે પહોંચે છે ? કોઈપણ દવાના ઉત્પાદનની એક પ્રક્રિયા હોય છે અને પછી તે બજારમાં આવે છે અને જરૂરિયાતમંદ ગ્રાહક સુધી પહોંચે છે. જો કેટલીક દવાઓ લાંબા સમય સુધી બજારમાં વેચાતી રહે, તો તેનાથી ઉદ્‌ભવતા જોખમો માટે કોણ જવાબદાર છે ?

ગયા વર્ષે પણ તાવ, શરદી, એલર્જી અને દુઃખાવા માટે વપરાતી ૧૫૬ FDC દવાઓ ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ત્યારે પણ એવું કહેવામાં આવ્યું હતું કે આ દવાઓ માનવ સ્વાસ્થ્ય માટે ખતરનાક સાબિત થઈ શકે છે. આવી સૂચનાઓ વારંવાર જારી કરવામાં આવી છે. પરંતુ એ સમજવું મુશ્કેલ છે કે કડકાઈ હોવા છતાં, આવી કેટલીક દવાઓ ફરીથી ખુલ્લા બજારમાં કેવી રીતે પહોંચે છે. આ તો સબ સ્ટાન્ડર્ડ દવાઓની વાત થઈ પરંતુ નકલી દવાઓ અને ઈન્જેકશનોની પણ આપણે ત્યાં નવાઈ નથી. માનવ સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે તેવી દવાઓનું ઉત્પાદન અને ગ્રાહકો સુધી પહોંચાડતી ફાર્માસ્યુટિકલ કંપનીઓ માટે કયા નિયમો નક્કી કરવામાં આવ્યા છે ? જો આવી દવાઓ બનાવતી કંપનીઓ રાજ્યના અધિકારીઓ પાસેથી લાઈસન્સ મેળવવા માટે આનો ઉપયોગ કરે છે, તો શું આ કંપનીઓ તેમજ તેમને પરવાનગી આપનારા સંબંધિત વિભાગો જવાબદાર ન ગણાય?

એ વાત સાચી છે કે CDSCO આવી દવાઓને ફ્લેગ કરે છે અને તેના ઉપર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લે છે. પરંતુ જ્યાં સુધી લોકોના સ્વાસ્થ્યને જોખમમાં મૂકતી દવાઓ વેચાય છે અને જરૂરિયાતમંદ લોકો આ દવાઓનું સેવન કરે છે, ત્યાં સુધી તેની શું અને કેટલી આડઅસર થશે ? ૩૫ કે ૧૫૬ દવાઓ ઉપર પ્રતિબંધ મૂકવાની જરૂર ત્યારે જ ઊભી થઈ જ્યારે તે સ્વાસ્થ્ય માટે જોખમી હોવાનું જણાયું. જો કોઈ રોગની સારવાર માટે આપવામાં આવતી દવા ખતરનાક જણાય, તો તેની પુષ્ટિ છેક ક્યારે થાય છે ? કયા આધારે જોખમી દવાઓનું ઉત્પાદન, વેચાણ અથવા સામાન્ય લોકોને વિતરણ કરવાની મંજૂરી તેના પરીક્ષણ અને પરિણામો વિશે સંપૂર્ણ ખાતરી આપ્યા વિના કઈ રીતે આપવામાં આવે છે ? આવી દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ માટે તેમની સલામતી અને અસરકારકતાનું મૂલ્યાંકન કર્યા વિના લાઈસન્સ કેવી રીતે આપવામાં આવે છે ? અને ડોકટરો કયા આધારે તેમના ઉપયોગની ભલામણ કરે છે કે જે દવા પ્રજાના આરોગ્ય અને સલામતી માટે ગંભીર ખતરો ઊભો કરી શકે છે ? કેટલીક દવાઓની સ્વાસ્થ્ય પર થતી આડઅસરો પહેલાથી જ એક જટિલ સમસ્યા છે. આવી સ્થિતિમાં, જો જાહેર આરોગ્યને જોખમમાં મૂકતી દવાઓના ઉત્પાદન અને વેચાણ અંગે ખૂબ જ કડક નિયમો અને સજા લાગુ કરવામાં નહીં આવે, તો દરેકને ગંભીર પરિણામો ભોગવવા પડી શકે છે.

### ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય

# ગુજરાત સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણના નિયમોમાં ફેરફાર કર્યા

## હવેથી સહ માલિકના સંમતિ પત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે

અમદાવાદ,તા.૨૩

ગુજરાતના ખેડૂતોને પડતી મુશ્કેલીઓ અને તેમની માંગણીઓને રાજ્ય સરકાર દ્વારા સંતોષવામાં આવી છે. રાજ્ય સરકારે ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ વધુ સરળતાથી પૂરા પાડવા ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

હાલની જોગવાઈ મુજબ ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહ માલિકના નામ હોય તો નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર સહ માલિકનું સંમતિ પત્રક મેળવવાની રહે છે. જેના કારણે ખાસ કરીને આદિજાતિ વિસ્તારોમાં વધુ વારસદારો હોવાથી આંતરિક વહેચણી કરેલી હોય પરંતુ મહેસૂલી નોંધ ન હોવાને કારણે ખેતી વિષયક નવું વીજ જોડાણ મેળવવા માટે મુશ્કેલીઓ પડતી હતી.

ખેડૂતો તેમજ આદિવાસી વિસ્તારના ધારાસભ્યઓની રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા આ જોગવાઈમાં સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તે મુજબ હવેથી સહ માલિકના સંમતિ પત્રકને બદલે હવેથી અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર અપાયેલ સેલ્ફ ડિક્લેરેશન ગ્રાહ્ય રહેશે.

આ ઉપરાંત નિયમોમાં એક નવો સુધારો કરવામાં આવ્યો છે. જે મુજબ ૭-૧૨ના ઉતારામાં એક કરતા વધારે સહ માલિકના નામ હોય તો દરેક સહ માલિકને તે સર્વે નંબર/જમીનના ક્ષેત્રફળને ધ્યાને લીધા વગર વીજ જોડાણ આપવામાં આવશે. વીજ જોડાણ મેળવવા માટે અરજદારનું નામ ૭-૧૨ ઉતારામાં નોંધાયેલું હોવું જોઈએ, પાણીનો સ્રોત/ કુવો/ બોર અલગ હોવો જોઈએ. અરજી સાથે અરજદાર દ્વારા સંપૂર્ણ જમીનનો સહભાગીદારોની અલગ સીમાઓ તથા હદબંધી દર્શાવતો સ્પષ્ટ નકશો રજૂ કરવાનો રહેશે. સહ માલિકો પોતાના નામે એક સર્વે નંબરમાં માત્ર એક જ વીજ જોડાણ મેળવવા પાત્ર રહેશે. આમ, ધારાસભ્યો તેમજ ખેડૂતોની રજૂઆતોને ગ્રાહ્ય રાખતા રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

### યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી

# વડોદરાની હર્ષિતાએ UPSC માં દેશમાં બીજો ક્રમ મેળવી ઈતિહાસ રચ્યો

## યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે

અમદાવાદ,તા.૨૩

યુપીએસસીના આજે જાહેર થયેલા પરિણામમાં સમગ્ર ભારતમાં બીજો ક્રમ મેળવનાર હર્ષિતા ગોહેલ વડોદરાની રહેવાસી છે. તેણે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાંથી ૨૦૨૦ માં ડિગ્રી મેળવી હતી. સાથે સાથે વડોદરામાંથી સીએની પરીક્ષા પણ પાસ કરી હતી. યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતી હર્ષિતા ગોહિલે યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી. એક ઈન્ટરવ્યૂમા તેણે કહ્યું હતું કે રિઝલ્ટ જાહેર થયા પછી મને વિશ્વાસ નહોતો થતો કે મને આખા ભારતમાં બીજો ક્રમ મળ્યો છે.

મારા પરિવારનું નામ રોશન કરવાનો મને ગર્વ છે. તેણે કહ્યું હતું કે મેં જ્યારે સીએની ડીગ્રી લીધી ત્યાં સુધી યુપીએસસી પરીક્ષા અંગે વિચાર્યું ન હતું. એ પછી મારા પિતાની પ્રેરણાથી મેં સિવિલ સર્વિસનો અભ્યાસ કરવાનો નક્કી કર્યું હતું. પરીક્ષામાં સફળતા માટે સાતત્યપૂર્ણ તૈયારી જરૂરી છે. ક્યારેક એવો સમય પણ આવતો હોય છે કે જ્યારે વાંચવાનું મન ના થાય. તે વખતે આત્મવિશ્વાસ અને મનોબળ જરૂરી હોય છે. બીજાનું અનુકરણ કરવાનો કે તેની પાછળ ભાગવાનો કોઈ અર્થ નથી તમારે તમારા મનની વાત સાંભળવી જોઈએ.હર્ષિતાએ કહ્યું હતું કે મેં સોશિયલ મીડિયા બંધ નહોતું કર્યું. એવું નથી કે સોશિયલ મીડિયા મૂકતાં જ કરે છે તેના પર ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ હોય છે અવાજે એક એકાઉન્ટના કારણે મને પ્રિલિમ પરીક્ષામાં મદદ મળી હતી. તમારું જો તમારા મન પર નિયંત્રણ હોય તો સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવામાં વાંધો નથી પણ જો તમે એવું લાગતું હોય કે સોશિયલ મીડિયા ધ્યાન ભટકાવે છે તો તેનો ઉપયોગ ના કરો.

### જાપાની બાબા વેંગાની ભવિષ્યવાણી

# વર્ષ ૨૦૨૦માં તબાહી મચાવનારા કોરોના મહામારી ફરી એક વાર દસ્તક દઈ શકે છે



જાપાન,તા.૨૩

વર્ષ ૨૦૨૦માં તબાહી મચાવનારા કોરોના મહામારી ફરી એક વાર દસ્તક દઈ શકે છે. જી હા, કોવિડ- ૧૯ સંક્રમણ ફરી એક વાર ફેલાશે. જાપાનની બાબા વેંગા નામના પ્રખ્યાત લેખિકા રિયો તાત્સુકીએ આ ભવિષ્યવાણી કરી છે. વર્ષ ૨૦૨૦માં પણ રિયોએ કોરોના મહામારીને લઈને ભવિષ્યવાણી કરી હતી, જે સાચી સાબિત થઈ હતી. જાપાન ટુડેના જણાવ્યા અનુસાર, તેમણે વર્ષ ૧૯૯૯માં ભવિષ્ય જેવું હું જોવું છું, તેવા નામના શીર્ષકથી એક કોમિક બનાવી હતી, જેમાં ૨૦૨૦માં દુનિયાભરમાં હાહાકાર મચાવનારા વાયરસની ભવિષ્યવાણી કરી હતી. તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૨૦ની આસપાસ એક અજાણ્યો વાયરસ દેખાશે. જે એપ્રિલમાં પોતાની ચરમ પર પહોંચી જશે.

કોરોના વાયરસના ઉદભવ અંગેની તેમની આગાહી સાચી પડી, જોકે તેમણે સ્પષ્ટતા કરી ન હતી કે તે કયા વર્ષમાં ટોચ પર પહોંચશે, પરંતુ કોરોના રોગચાળાનો સૌથી ઘાતક કેસ વર્ષ ૨૦૨૧ માં બન્યો હતો, જ્યારે ડેલ્ટા વેરિયન્ટના કારણે મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા હતા. તાત્સુકીએ આગામી વર્ષો માટે, ખાસ કરીને કોરોના વાયરસના સંબંધમાં, આગાહીઓ પણ કરી છે.

તેમની આગાહી મુજબ, કોરોના રોગચાળો ૨૦૩૦ માં ફરીથી ઉભરી આવશે. યોએ તે જ કોમિકમાં લખ્યું હતું કે આ પછી તે અદૃશ્ય થઈ જશે, પરંતુ લગભગ ૧૦ વર્ષ પછી ફરીથી દેખાશે. આવી સ્થિતિમાં, ૨૦૩૦ માં ફરીથી કોરોના ફેલાવાનો ભય છે, પરંતુ શું આ આગાહી સાચી પડશે કે નહીં? તે ભવિષ્યના ખોળામાં છે.

જાપાનના બાબા વાંગાએ રાજકુમારી ડાયના અને સંગીતકાર ફ્રેડી મર્ક્યુરીના મૃત્યુની આગાહી કરી હતી. તેમણે ઊંઘમાં જોયેલી વસ્તુઓ રેકોર્ડ કરી હોવાનું કહેવાય છે. દરમિયાન, વિશ્વભરના વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે ડિસીઝ એક્સ આગામી રોગચાળો બની શકે છે. જોકે તેમને ખબર નથી કે આનું કારણ શું હોઈ શકે. વિશ્વ આરોગ્ય સંગઠન તાજેતરમાં કોવિડ-૧૯ દરમિયાન થતી ભૂલોને કેવી રીતે અટકાવવી અને ભવિષ્યમાં રોગચાળાનો સામનો કેવી રીતે કરવો તે અંગે સર્વસંમતિ પર પહોંચ્યું છે.

ઈબોલા, ઓરી, MPOX અને H5N૧ એવિયન ફ્લૂ હાલમાં વિશ્વના ઘણા પ્રદેશોમાં ભય પેદા કરે છે. તેથી જો તાત્સુકીની આગાહી સાચી પડે તો નવાઈ નહીં લાગે. જોકે, તેમની આગાહીઓ ૧૫ વર્ષના ચક્રને આધીન છે અને બધી જ આગાહીઓ એકસાથે સાકાર ન પણ થાય. જો ૨૦૩૦ માં કંઈ ન થાય, તો તેનો અર્થ એ કે ખતરો ૧૫ વર્ષ આગળ ૨૦૪૫ સુધી ધકેલાઈ જશે. તેમણે જુલાઈ ૨૦૨૫ માં એક વિશાળ સુનામીની આગાહી પણ કરી છે, જે રોગચાળાના પુનરાગમનની શક્યતાનો સંકેત આપશે.

# યુએસએ- ચીન ટ્રેડવૉરનો ભારતને પ્રથમ મોટો ફાયદો

વોશિંગ્ટન,તા.૨૩

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ચાલી રહેલા ટ્રેડવૉર વચ્ચે ચીને અમેરિકન બોઈંગ કંપનીના ૭૩૭ MAX વિમાનનો સ્વીકાર કરવાનો ઈનકાર કરી દીધો છે. આ તકનો લાભ ઉઠાવતાં એર ઈન્ડિયા બોઈંગ કંપની પાસેથી આ વિમાનો ખરીદવાનું વિચારી રહી હોવાના અહેવાલો મળ્યા છે. એર ઈન્ડિયા વોશિંગ્ટન અને બેઈજિંગ વચ્ચે ચાલી રહેલા ટેરિફ યુદ્ધનો લાભ લેવા માટે સ્પર્ધા કરતી એશિયન એરલાઈન્સની યાદીમાં જોડાઈ છે. ટાટા ગ્રૂપની માલિકીની એર ઈન્ડિયાને માર્કેટમાં ફરી પાછી અગ્રણી બનવા તેમજ પકડ જમાવવા માટે વિમાનોની જરૂર છે. વિમાન બનાવતી અમેરિકન કંપની બોઈંગ ચીનની એરલાઈન્સ માટે ૭૩૪ મેક્સ વિમાન તૈયાર કરી રહી હતી. પરંતુ ટેરિફવૉરના કારણે ચીને વિમાનના ઓર્ડર પાછાં ખેંચી લીધા છે. એવામાં એર ઈન્ડિયા આ બોઈંગ વિમાનો ખરીદવાની યોજના બનાવી રહી છે. ભૂતકાળમાં પણ એર ઈન્ડિયાએ ચીનની પીછેહટનો ફાયદો ઉઠાવ્યો હતો. માર્ચમાં તેણે ચીનની એરલાઈન્સ દ્વારા બનાવવામાં આવેલા કુલ ૪૧૭૩૭ મેક્સ જેટનો સ્વીકાર કર્યો હતો, જેનાં ડિલિવરી મોડલ ૨૦૧૯ ગ્રાઉન્ડિંગ બાદ સ્થગિત કરવામાં આવ્યા હતાં.

એર ઈન્ડિયા અને બોઈંગના પ્રતિનિધિઓએ આ મામલે ટીપ્પણી કરવાનો ઈનકાર કર્યો છે. એક મીડિયા રિપોર્ટમાં મલેશિયાના એવિએશન ગ્રૂપ બીએચડી પણ ચીનના આ ખાલી પડેલા ડિલિવરી સ્લોટમાં વિમાન ખરીદવા બોઈંગ સાથે વાતચીત કરી રહ્યું હોવાનું જણાવ્યું હતું.અમેરિકા અને ડ્રેગન વચ્ચે ટ્રેડવૉર ચાલી રહ્યો છે. બંને એક-બીજા પર ટેરિફ વધારી રહ્યા હતાં. છેલ્લે અમેરિકાએ ચીન પર ૨૪૫ ટકા ટેરિફ વધારવાની જાહેરાત કરી હતી. તેની પહેલાં ચીને અમેરિકાની પ્રોડક્ટ્સ પર ૧૨૫ ટકા ટેરઈફ લાદ્યુ હતું. આ ટ્રેડવૉરના કારણે ચીને પોતાના પોર્ટ પર ઘણી પ્રોડક્ટ્સની નિકાસ અટકાવી દીધી છે. તેમજ અમેરિકામાંથી આવતાં ૧૦ વિમાનોની ડિલિવરી પણ રદ કરી હતી.

# રામરાજ્ય એટલે શું ? રામનું લોક કલ્યાણ રાજ્ય જે કારણે તે રામરાજ્ય કહેવાયું

## મર્યાદિત અંકુશવળી લોકશાહી શાસનના પ્રથમ રાજા શ્રી રામ હતા

મર્યાદિત અંકુશવળી લોકશાહી શાસનના પ્રથમ રાજા શ્રી રામ હતા. શ્રી રામ રાજત્વ, બ્રહ્મત્વ અને દેવત્વનો સુભગ સમન્વય હતા, વિષ્ણુના અવતાર હતા.

સ્વયમ શાસિત શાસન બનાવવા શાસનની ઉપર પણ સામુહિક અંકુશ ઊભો કર્યો હતો જેના ત્રણ સ્તર હતા. ૧. રાજા-કુલગુરુ ઉપર મહામાત્ય (અમાત્ય મંડલ) તે ઉપર ઋષિ મંડલ . . યાને અંકુશિત રાજ્યસત્તા પર આઠ અમાત્યની સંસ્થા હતી, અમાત્ય સંસ્થા ઉપર, ઋષિગણનું બનેલું સલાહકાર મંડલ ધ્યાન આપતું હતું. આ રીતે ''ડીસેન્ટ્રલાઈઝેશન ઓફ પાવર અને ટ્રસ્ટશીપના સિધ્ધાંત અમલમાં હતા

રામરાજ્ય એટલે હિંદુ રાજ્ય નહીં. પણ ''કિંગડમ ઓફ ગોડ''. મારી નજરે રામ અને રહીમ એક જ છે. મારા માટે ધર્મ પરાયણતા અને સત્ય એ જ ભગવાન છે...માં. ગાંધી ''યંગ ઈન્ડિયા ૧૯૨૯ '' સાચા રામરાજ્યમાં અતિ સાધારણ અને તવંગર બન્ને માટે એક જ સમાનતા હતી.-ગાંધીજી.

ભારતીય સંસ્કૃતિ ના જયોર્તિધર રામલલ્લા ની પ્રાણપ્રતિષ્ઠા ખુબ ધામધુમ થી થઈ ગઈ. વાતાવરણ રામ મય થઈ ગયું છે . આપણે

જન્મથી લઈ, મૃત્યુ સુધી ''રામ'' સાથે જોડાય ગયા છીએ. રામ જનમમે રામ મરણમેં રામ બસા કણ કણમેં હૈ..તેરા રામ તેરે મન મેં હૈ, આ આપણા શ્વાસમાં વણાય ગયું છે. કેટલીય દંતકથાઓ, કહેવતો રામની રચાઈ ગઈ છે ., જેમકે ''મુખમે રામ બગલમેં છુરી , રામ રાખે એને કોણ ચાખે, ..એને તો રામના રખોપા.. એનામાં ક્યાં રામ છે.!!''. વગેરે વગેરે..

આમ રામ જીભમાં, રામ વ્યવહારમાં અને રામ હૃદયમાં વસી ગયેલા છે. ભારત જ નહીં, શ્રી રામ એશિયાના કેટલાય દેશોમાં પૂજાય છે. ભગવાન શ્રીરામ , ભારતીય સંસ્કૃતિના પર્યાય બની ગયા છે .. ખુદ બંધારણના આમુખમાં શ્રી રામ પરિવારનું ચિત્ર મૂકી, બંધારણ નિર્માતાઓએ રામ રાજ્ય બનાવવાની કલ્પના કરેલી છે. સનાતન સંસ્કૃતિમાં ત્રણ રામ થયા. જે ત્રણેય શક્તિધારક હતા.

એક.-પરશુ ધારી રામ -પરશુરામ , બીજા હળધારી બલરામ યાને યાદવ રામ. અને ત્રીજા ધનુષ ધારી ભગવાન શ્રી રામ, યાને રાઘવ રામ. જેમાં શ્રી રામ શક્તિધારક જ નહીં, પણ સુશાસક પણ હતા. આજના સ્પૃશ્ય-અસ્પૃશ્યતાના વિવાદમાં રમતાં આપણે એ ભૂલી ગયા છીએ કે , જે રામના આપણે ભક્તો છીએ, તેની કથા શ્રી વાલ્મીકીએ લખી છે . જે શુદ્ર હતા! તો રામ ચરિત માનસના સર્જક તુલસીદાસજી પોતાને ગોસ્વામી કહેડાવતા હતા.! રામને બાણાવળી બનાવનાર ગુરુ વિશ્વામિત્ર ક્ષત્રિય હતા.!

આ વિષયને વધુ વિચારીએ તો , રામનું ઘડતર બાળપણમાં ''રાજર્ષિ ગુરુ વિશ્વામિત્ર ''એ કર્યું હતું. .જેણે શ્રી રામને બાણાવળી બનાવી, આસુરી શક્તિનો વિનાશ કરાવ્યો .તો તેના બ્રહ્મર્ષિ રાજગુરુ શ્રી વશિષ્ઠએ રામને સુશાસક બનાવ્યા હતા . મર્યાદિત અંકુશવળી લોકશાહી શાસનના પ્રથમ રાજા શ્રી રામ હતા. શ્રી રામ રાજત્વ, બ્રહ્મત્વ અને દેવત્વનો સુભગ સમન્વય હતા, વિષ્ણુના અવતાર હતા . છતાં રાજા એટલે પ્રજાનો, રાજ્યનો રખેવાળ, રાજા એટલે ન્યાયનો ધર્મપાલક. પુરુષોતમ ખરા,પણ મર્યાદાવાળા પુરુષોતમ એટલે શ્રીરામ દરેક વર્ણના આરાધ્ય છે .કારણકે દરેક વર્ણ, અરે વાનર, પશુ કે નાની ખિસકોલી !! સહિતના સર્વે એ રામને ભગવાન બનાવવામાં યોગદાન આપ્યું છે !!

તો શું આ કારણો હતા કે જેણે કારણે ''રામ નું રાજ્ય રામરાજ્ય કહેવાયુ છે? ક્યાંથી આવ્યો હતો આ શબ્દ ''રામ રાજ્ય? . આપણે મૌર્ય, કે ગુપ્ત વંશ ના સર્વ સુખાકારી વાળા સુવર્ણ કાળના શાસનની વાત ઈતિહાસમાં વાંચી હતી. પણ સદાય લોક જીભે રમતાં ''રામરાજ્ય'' માટે ક્યાં કારણો હતા?

જાણકારી મુજબ, સૌ પ્રથમ ''રામરાજ્ય'' શબ્દ માં.ગાંધીએ રામાયણમાં વર્ણિત રામના સુશાસનથી ભાવ વિભોર થઈ, શ્રી રામના શાસનને ''રામરાજ્ય '' કહ્યું હતું . શા માટે રામરાજ્ય? તો તેનો જવાબ તુલસીદાસજી આપે છે : રામરાજ્યમાં એકલી માનસિક ,આર્થિક સુખાકારી જ નહીં પણ ધાર્મિક ઉન્નતી પણ જોવા મળી હતી.'

''દૈહિક,દૈવિક ભૌતિક તાપા ।રામરાજ નહીં કાહુકી વ્યાપા।. સબ નર કરહી પરસ્પર પ્રીતિ ।ચલહી સ્વધર્મ નિરત શ્રુતિ નીતિ। ''

રામરાજ્યમાં દૈહિક, દૈવિક, ભૌતિક વગેરેથી કોઈ પીડાતું નથી. બધા એકમેક ને પ્રેમ કરતા, વેદોક્ત મર્યાદાનું પાલન કરતા હતા.. ? કારણ કે :-રાજા તરીકે રામ, પોતાનું દેવત્વ વિસારીને , માનવ તરીકે જીવ્યા હતા ભગવાનપણું ભૂલી જઈ પૂર્ણ પણે મનુષ્યત્વ ઓઢી લીધું હતું. નારાયણ માંથી નર થયેલા હતા. તેનું લક્ષ્ય ગુરુ વિશ્વામિત્રએ શિખવેલ ક્ષત્રીયપણાથી અસુરના નાશ કરવાનું હતું. અમર્યાદ અમાનવતા દૂર કરવાને શ્રીરામ અવતર્યા હતા .આ માટે માનવને માનવ બનીને જ માર્ગદર્શન આપી શકાય. માનવ તરીકે વિચાર, વાણી વ્યવહાર , વિકાર દરેકમાં ''મર્યાદાને સ્થાન'' આપવા , સમાજને ઘડવા સ્વયં ઉદાહરણ બનવું જ પડે. ઉચ્ચ નૈતિક મુલ્યોની સ્થાપના માટે, મૂલ્યોના જીવંત માનવ તરીકે રામને જ રહેવું પડે . આજની ભાષામાં કહીએ તો રામ '' પોલીટીસિયન '' કે કિંગ નહીં, પણ સમાજને ઘડનાર, દોરનાર રાજપુરુષ (સ્ટેટમેન) હતા, લોકનાયક, લોકસમ્રાટ હતા. ? -માનવ પણ આદર્શ માનવ થઈ શકે છે તે સાબિત કરનાર મહામાનવ હતા શ્રીરામ. ''ત્યાગીને ભોગવવાનું ઉદાહરણ રામે રજુ કર્યું હતું.. સ્વાર્થ ત્યાગની ટોચ હતા રામ''. અયોધ્યા, કિષ્કિન્ધા અને લંકા એમ ત્રણ ત્રણ રાજગાદીનો ત્યાગ રામ જ કરી શકે .શ્રી રામના જીવનમાંથી યોગીઓને પણ માર્ગ દર્શન મળે છે.

રામરાજ્યના કેટલાક અનુઠા લક્ષણોમાં :-? સ્વયં શાસિત સમાજ રચના:- રાજગુરુ વશિષ્ઠ દર્શિત સ્વયં શાસિત સમાજ વ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ શ્રીરામે કર્યો હતો . જે માટે પરસ્પર જરૂરી ત્યાગ, સહિષ્ણુતા સાથે બૌધિકતા વિકાસ જરૂરી હતો. એ માટે, શાસનમાં, રાજસતાનો રોલ ન્યુતમ કર્યો . જેથી ઓછામાં ઓછા રાજ્ય કારભારે, સમાજમાં શાંતિ, સંપતી ,સમૃદ્ધિ આવી હતી અને પ્રગતિ સ્થાપિત થઈ હતી. શ્રીરામે સ્વય ઉદાહરણ બન્યા હતા ,સ્વયં શિસ્તવાળા બની, સ્વધર્મ, સ્વકર્તવ્યના ઉચા આદર્શનું પાલન કર્યું હતું.

'' હું જેમ જીવું છું તેનું સમાજ અનુકરણ કરશે '' તેવું વિચારી, શ્રી રામે જીવન જીવવાની નીતિ અપનાવી હતી. જે સિધ્ધાંત કૃષ્ણાવતારમાં, શ્રી કૃષ્ણ ,ગીતાના ત્રીજા અધ્યાયના શ્લોક ૨૧ (યદ્ય દ..લોકસ્તઅનુવર્તતે )માં ''શ્રેષ્ઠ પુરુષ જે જે આચરણ કરે છે તેવું આચરણ બીજા મનુષ્યો કરે છે'' તેવું અર્જુનને સમજાવે છે.

આજના સમયમાં લિયો ટોલ્સટોય આ સિધ્ધાંતને નવા રૂપે કહે છે :'' વ્યક્તિ પોતાના નૈતિક મુલ્યો અને જીવન દર્શનથી સમાજમાં પરિવર્તન લાવી શકે છે.:. જે વાત હજારો વર્ષ પૂર્વે શ્રી રામે અમલમાં મૂકી હતી. ભોગવૃત્તિ વધે એટલે આસુરી તત્વો વધે , માણસ રાક્ષસવૃતિ વાળા બને. આ સમયે, જો સમાજમાં ત્યાગ વૃતિ વધે તો પરમાર્થતા વધે, અને માણસ દેવ બને. સમષ્ટિ માટે વ્યષ્ટિએ ભોગ આપવાનું ઉદાહરણ શ્રી રામે આપ્યું હતું. ત્યાગપ્રધાન રાજ્ય બનાવવા, ખુદ ત્યાગી બનવું જરૂરી હતું.

શ્રી રામે જે વ્યક્તિગત સદગુણો સમાજને માટે અનુકરણમાં મુક્યા તે માંહેના કેટલાક આ રહ્યા ;-

૧.ગુરુ,માતા પિતા ની આજ્ઞા સર્વોપરી માનવી,૨.ભાઈઓ તથા પરિવારની સંભાળ રાખવી, ૩.એક પત્ની વ્રતનું પાલન, ૪.મિત્રોનું મન સન્માન (નિશાદ વગેરે), ૫.ધર્મ અને સત્ય વચનનું પાલન, ૬ . કૂટનિતિજ્ઞ પણ સાલસ, ૭. રાષ્ટ્ર ભક્તિ વગેરે..

આ સદગુણોનું પાલન સમાજ કરવા લાગ્યો હતો ને તેથી તે રામરાજ બન્યું હતું. રામરાજ્યના મુખ્ય ચાર આધાર સ્તંભો ગણાવી શકાય. ૧. સ્વયં ત્યાગ ૨. સત્ય અને ધર્મનું આચરણ .૩ સર્વ માટે પ્રેમ ૪ . સર્વ સુલભ ન્યાય. બસ, આજ તો માં. ગાંધીજીના સુરાજ્ય, સ્વરાજ્યની કલ્પના ના આધાર સ્તંભ હતા.

સ્વયમ શાસિત શાસન બનાવવા શાસનની ઉપર પણ સામુહિક અંકુશ ઊભો કર્યો હતો જેના ત્રણ સ્તર હતા. ૧. રાજા-કુલગુરુ ઉપર મહામાત્ય (અમાત્ય મંડલ) તે ઉપર ઋષિ મંડલ. યાને અંકુશિત રાજ્યસત્તા પર આઠ અમાત્યની સંસ્થા હતી, અમાત્ય સંસ્થા ઉપર, ઋષિગણનું બનેલું સલાહકાર મંડલ ધ્યાન આપતું હતું. આ રીતે ''ડીસેન્ટ્રલાઈઝેશન ઓફ પાવર અને ટ્રસ્ટશીપના સિધ્ધાંત અમલમાં હતા. । આદર્શ અર્થવ્યવસ્થા માટે જરૂરી સિધ્ધાંત ઘડવામાં આવ્યા હતા. જેમાં ૧. પ્રત્યેકને કામ ,૨. લાયકાત મુજબ કામ ૩.કામ શીખવાનું મફત ૪. જરૂરિયાત પ્રમાણે ઉત્પાદન. આ માટે વર્ણ પ્રમાણે કામ વ્યવસ્થા અમલમાં હતી. કોરું અર્થશાસ્ત્ર નહીં પણ નીતિશાસ્ત્ર સાથેનું ,અર્થશાસ્ત્ર અમલમાં હતું. આર્થીકતા સાથે નૈતિકતાના મુલ્યો જોડાયેલા હતા. સર્વને વિકાસની તક, કામની સલામતીનો આત્મવિશ્વાસ, અને સ્પર્ધા વિહીન બજાર. , માર્કેટમાં ચલણ સોનામાં ચાલતું. । કર વ્યવસ્થા સ્વૈછિક હતી. સૌ કોઈના ઉપર સમાજનું ઋણ છે તેવા ભાવ સાથે ટેક્સ આપતા હતા. વૈદ લોકો ગરીબોના મફત ઉપચાર કરતા. (બાલકાંડના ૬ઠા સર્ગમાં તેનું વિસ્તૃત વર્ણન છે ).

શ્રી રામે વેદ જનિત સંસ્કૃતિને માનવ સહજ બનાવી હતી. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે ન્યાય, સમાનતા અને ગુણોનો સમાન તાલમેલ બેસાડેલ હતો. જેના કારણે લોકો સંતુષ્ટ અને આધ્યાત્મિક ઝોકવાળું જીવન જીવતા હતા. । આદરણીય દલાઈ લાંમાં જેને સ્પિરિચ્યુઅલ ડેમોક્રસી કહે છે, કે શ્રી અરવિદ ઘોષ જેને'' દરેકમાં દૈવી તત્ત્વ જોવાની ઝંખના'' વાળી સમાજરચના કહે છે તેવી સમાજ રચના આકાર લઈ રહી હતી. ટુકમાં, ધર્મ દ્વારા નિયંત્રિત સમાજ રચના હતી. રાજસત્તા દ્વારા નિયંત્રિત નહીં. આ વાત ગોસ્વામી તુલસીદાસજી ખુબ સરસ રીતે કહે છે :

દંડ જાતિંહ કર ભેદ જહ; નર્તક નૃત્ય સમાજ।
જીતહું મન હી સુનિઅ અસ રામચંદ્ર કે રાજ ।

અર્થ છેઃ- શ્રી રામચંદ્રજીના રાજમાં '' દંડ'' માત્ર સન્યાસીના હાથમાં, ભેદ(અંગ ભંગ) નૃત્યસમાજના હાથમાં, જીત શબ્દ માત્ર મન જીતવા, માટે વપરાતા હતા (યાને સામ, દામ, દંડ, ભેદની નીતિની જરૂરત નહોતી ) .માટે તે રામરાજ્ય હતું. । રામરાજ્યમાં સમાજ જીવન કેવું હતું તેનું તુલસીદાસજી એ સરસ વર્ણ કર્યું છે :-

ચારીએ ચરન ધરમ જગ માંહી ।પૂરી રહા સપને હૂં અધ નાહી ।
રામ ભગતિ રત નર અરુ નારી।
સકલ પરમ ગતિ કે અધિકારી।
સબ ઉદાર સબ પરુપકારી ।
બીપ્ર ચરન સેવક નર નારી ।
એક નારી વ્રત રતિ સબ ઝરી ।
તે મન બચ ક્રમ અતિ હિતકારી ।
સબકે ગૃહ ગૃહ હોહી પુરાના ।
રામચરિત પાવન બિધિ નાના ।

ધર્મના ચાર ચરન(સત્ય, પવિત્રતા, દયા, દાન )નું સર્વ કોઈ પાલન કરતા હતા સ્વપ્નમાં પણ કોઈ પાપ કરતા ન હતા, સર્વ નરનારી રામ ભક્તિમાં લીન રહી મોક્ષના અધિકારી બનતા હતા. બધા નર નારી ઉદાર ,પરોપકારી હતા , બધા જ નર એક પત્ની વ્રત ધારી હતા , બધી નારી પણ મન કર્મ વચન થી પતિ હિતકારી હતી. દરેકના ઘરમાં પુરાણો, પવિત્ર ગ્રંથો નું વાંચન થતું હતું . આ હતું રામનું લોક કલ્યાણ રાજ્ય -જે કારણે તે રામરાજ્ય કહેવાયું ., જેના આર્કિટેકટ, ખુદ શ્રી રામ જ હતા. આવા રામ રાજ્યની ઝંખના પુ. માં. ગાંધીને હતી, બંધારણ ઘડવૈયાઓના મન માં આ જ સાચું પ્રજાસતાક હતું..

–ત્રિલોક ઠાકર

# જૂનાગઢમાં વાહન પાર્કિંગના અભાવથી લોકો ત્રાહીમામ

## બંધ પડેલી સરકારી કચેરીઓનાં કંમ્પાઉન્ડમાં વાહન પાર્કિંગ વ્યવસ્થા કરવામાં આવે તો ટ્રાફીક સમસ્યા હળવી બને





જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ શહેરમાં ટ્રાફીક સમસ્યાનાં ઉકેલ માટે અવાર-નવાર મીટીંગો યોજી અને સુચનો લેવામાં આવે છે પરંતુ અત્યાર સુધીમાં કોઈ અસરકારક પગલા લેવામાં ન આવતા હોવાના કારણે ટ્રાફીકનો પ્રશ્ન જટીલ બની રહયો છે ત્યારે ટ્રાફીક સમસ્યા અને ભારણ ઘટાડવાનાં ભાગરૂપે જૂનાગઢ શહેરમાં આવેલી સરકારી કચેરીઓ ઘણાં સમય થયા ખાલી પડેલ છે અને આ ખાલી કચેરીઓમાં પડતર કંમ્પાઉન્ડમાં હાલ કામચલાઉ વાહન પાર્કિંગ માટેની વ્યવસ્થા જો ઉભી કરવામાં આવે તો ટ્રાફીકનો પ્રશ્ન ૮૦ ટકા જેવો હલ થાય તેવું જાણકારોનું માનવું છે. જૂનાગઢ શહેરમાં ગીચ બજારો, માર્કેટો આવેલ છે તેમજ જૂનાગઢ શહેર ઉપરાંત બહારગામથી પણ લોકો ખરીદી માટે જૂનાગઢ આવતા હોય છે. આ ઉપરાંત આજના સમય એટલે કે ૨૦૨૫નાં વર્ષ ગાળામાં ટુ વ્હીલર, ફોર વ્હીલર સહિતના વાહનોમાં નોંધપાત્ર વધારો થયો છે. જૂનાગઢ શહેર એટલે ટ્રાફીકથી સતત ધમધમતું શહેર છે. આ શહેરમાં મોટાભાગની બજારો ગીચ વિસ્તારમાં આવેલી છે. અને ખરીદી કરવા આવેલા ગ્રાહકો પોતાના વાહનોનાં પાર્કિંગ રસ્તા ઉપર કરતા હોવાના કારણે વધુ ગીચતા મળે છે. વાહનોની સતત દોડધામ અને સાંકળી બજારો અને તેમાં પણ ખાસ વાહન પાર્કિંગ માટેની યોગ્ય વ્યવસ્થાનો અભાવ આવા બધા કારણે લોકોને પોતાનાં વાહનો ફરજીયાત રસ્તા ઉપર પાર્ક કરવા પડે તેવી સ્થિતી રહેલી છે. ટ્રાફીકની સમસ્યા અને વાહન પાર્કિંગનો પ્રશ્ન ઘટવાને બદલે દિવસે દિવસે વધી રહયો છે. જેથી ખાસ તો વાહન પાર્કિંગ માટેની વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે. તહેવારોનાં દિવસોમાં ટ્રાફીક સમસ્યા ઘટાડવા માટે જુદી જુદી જગ્યાએ વાહન પાર્કિંગ માટેની વ્યવસ્થા થતી હોય છે અને જેનાં કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે રાહત રહે છે.

જૂનાગઢ શહેરમાં અનેક એવી ઈમારતો રહેલી છે કે જયાં અગાઉ સરકારી કચેરીઓ બેસતી હતી અને નવી કચેરીઓ બનતા નવા બિલ્ડીંગમાં તેનું સ્થળાંતર થયેલં છે અને હાલ આ વિશાળ સરકારી કચેરી અને તેના કંમ્પાઉન્ડ ખાલી પડયા છે. દિવાન ચોકની વાત કરીએ તો ત્યાં આવેલી સરકારી કચેરીઓ હાલ બંધ છે અને મોટા કંમ્પાઉન્ડ રહેલા છે. આ ઉપરાંત રેલ્વે સ્ટેશન રોડ ઉપર આવેલ જીલ્લા પંચાયત કચેરી, ગેસ્ટ હાઉસ ખાલી છે તેનું કંમ્પાઉન્ડ રહેલ છે. ઉપરાંત એ.જી. સ્કુલનું ગ્રાઉન્ડ પણ ખાલી પડેલ છે. તેમજ એમ.જી. રોડ ઉપર આવેલ તાલુકા શાળા તેમજ અન્ય સરકારી ઓફીસ, શાળાની જગ્યા બંધ છે અને કંમ્પાઉન્ડ પણ ખાલી રહેલા છે. આમ જૂનાગઢ શહેરમાં સંખ્યાબંધ સરકારી ઈમારતો આજે બંધ છે અને તેના ખાલી પડેલા કંમ્પાઉન્ડનો કોઈ ઉપયોગ થતો નથી. જેથી આવી ખાલી પડેલી સરકારી ઈમારતોનાં કંમ્પાઉન્ડમાં વાહન પાર્કિંગ માટેની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો લોકોને પાર્કિંગનો પ્રશ્ન નડે નહીં તેમજ ટ્રાફીકની સમસ્યા પણ હલ થાય તેમ છે. જેથી આ બાબતે જીલ્લા વહીવટી તંત્ર, મનપા તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી આમ જનતાની માંગણી છે.

# જૂનાગઢમાં વ્યાજખોરો વિરૂધ્ધ ફરીયાદોનાં નીકાલ માટે લોક દરબાર યોજાયો : ઉચ્ચ પોલીસ અધિકારીઓએ પીડિતોની ફરીયાદ સાંભળી






જૂનાગઢ તા. ૨૩

જૂનાગઢ શહેરમાં પોલીસ હેડકવાર્ટર ખાતે આજે જીલ્લા પોલીસ દ્વારા વ્યાજખોરો વિરૂધ્ધ ફરીયાદોનાં નિકાલ માટે લોક દરબાર યોજવામાં આવ્યો હતો. આ લોક દરબારમાં જૂનાગઢ રેન્જનાં આઈજી નિલેશ જાંજડીયા, ઈન્ચાર્જ જીલ્લા પોલીસ વડા ભગીરથસિંહ જાડેજા, જૂનાગઢ વિભાગનાં ડીવાયએસપી હિતેશ ધાધલીયા સહિતનાં ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા. જૂનાગઢ જીલ્લો તેમજ ગુજરાત રાજયમાં પણ છેલ્લા કેટલાક સમય થયા ગેરકાયદેસર વ્યાજ વટાઉની પ્રવૃતિ ચિંતાજનક ઢબે વધી રહી છે. એટલું જ નહી ઉંચા વ્યાજે નાણાં જરૂરીયાતમંદોને આપી અને અસહ્ય ઉઘરાણી અને માનસીક ત્રાસનાં પરીણામે પીડિતોનાં આપઘાતનાં બનાવો પણ સતત વધી રહયા છે ત્યારે ગગુજરાત સરકારનાં આદેશથી સમગ્ર રાજયમાં વ્યાજખોરો વિરૂધ્ધ કડક અભિયાન હાથ ધરવામાં આવનાર છે ત્યારે જૂનાગઢ જીલ્લા પોલીસે આ દિશામાં પહેલ કરી આજે જૂનાગઢ ખાતે લોકદરબાર યોજયો છે. આ લોક દરબારમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા અને ખાસ કરીને વ્યાજખોરીથી પીડિત લોકોની ફરીયાદોને ઉચ્ચ અધિકારીઓએ સાંભળી હતી. જૂનાગઢ શહેર અને જીલ્લામાં વ્યાજખોરોની ગેરકાયદેસર પ્રવૃતિ સામે કડક કાર્યવાહી કરવાનાં નિર્દેશો મળી રહયા છે. આગામી દિવસોમાં જ વ્યાજખોરો વિરૂધ્ધ અભિયાન હાથ ધરાઈ તેમ મનાય છે.


સોગંદનામા, ભાડા કરાર, વાહન કરાર,
આવકનો દાખલો, નોન ક્રિમીલીયર સર્ટી.,
ઈડબલ્યુએસ સર્ટી, મેરેજ સર્ટીફીકેટ કઢાવવાની
માહિતી / પ્રોસીઝર માટે મળો
રવિ કોમર્શીયલ
દિવાન કોમ્પ્લેક્ષ, લીમડા ચોક, જૂનાગઢ
મો. ૯૯૨૪૮ ૯૦૪૭૩

હાર્દિક શુભેચ્છા...
બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૯૮ ૩૩૮૧૧
મીઠાઈઓની મીઠાશ...એટલે...
મુરલીધર ડેરી ફાર્મ





અંબા આર્કેડ, એમ.જી. રોડ,
જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
Kelvinator
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ટેનામેન્ટ મકાન વેચવાનું છે
ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે
મેઈન રોડ કોર્નરનું ૧૨૫ વાર પ્લોટ-
૧૫૫૦ ફુટ કાર્પેટ ફર્નીચર સાથે
દલાલભાઈઓ આવકાર્ય છે
કોન્ટેકટ નં.૯૮૨૫૭ ૫૮૪૭૮
જૂનાગઢ

મકાન વેચવાનું છે
જૂનાગઢમાં દાણાપીઠ વિસ્તારમાં
આવેલ વાદી ખડકીમાં ત્રણ માળનું
ખૂબજ સારી કન્ડીશનમાં પહેલી જ
નજરમાં ગમી જાય તેવું (૮૨ વાર)
કોન્ટેકટ નં.૯૪૨૮૨ ૪૧૮૦૧
જૂનાગઢ






રામબાણ
આર્યુવેદિક ફાકી
૧૦૦% નહી ૧૫૦% ની મની ગેરેંટી
સંધિવા, શરીરનાં પગનાં અને
ગોઠણનાં દુઃખાવા માટે
સૌથી વધુ અસરકારક...
આ ફાકીમાં સ્ટીરોઈડ કે પેઈનકીલર નથી તેની મની ગેરેંટી
આ ફાકી કબજીયાત, ડાયાબીટીસ, સંધિવા, શરીરનાં પગનાં અને ગોઠણનાં દુઃખાવા, જૂની કબજીયાત, વજન ઘટાડવા માટે અને કોલેસ્ટ્રોલ માટે ખૂબજ અસરકારક ૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરેંટી સાથે...
લેવાની રીત
સવારે ભુખ્યા પેટે ૧ ચમચી નવશેકા પાણી સાથે લેવી.
આ ફાકીનો ત્રણ મહીનાનો કોર્ષ
કરવાથી ચમ્તકારીક પરીણામ આવેછે.
૧૫ દિવસ ની પ્રાઈઝ રૂ.૨૨૫/– છે.
આ એક જ ફાકી આ બધી બીમારી માટે રામબાણ છે.
(૧) :: ફાકી લેવા માટે સંપર્ક ::
સૌરાષ્ટ્ર ભુમિ બ્યુરો ઓફીસ,ગુલાબ વાડી પાસે,
ખોજાવાડ ચોક નજીક, જૂનાગઢ. મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
(૨) દિનેશ એજન્સી (આર્યુવેદીક દવાઓનાં ડીલર)
આઝાદ ચોક (જૂનાગઢ). મો ૯૯૨૫૫ ૧૧૯૯૭
વધુ માહીતી માટે મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨

જુનાગઢ માં
લેટેસ્ટ,બેનર
વિ.કાર્ડ
રિક્ષા બેનર
લગ્ન કંકોત્રી
સ્ટીકર
પેમ્પલેટ
બીલબુક
લેટર પેડ
બનાવવા માટે ખૂબ જ વ્યાજબી ભાવમાં
આકર્ષક ડીઝાઈન માટે અમારો સંપર્ક કરશો...
Mo - 96014 12347